RNI No. GUJGUJ/2009/30906
RNI TITLE CODE NO. GUJGUJ12914

# રાજકોટ મિરર

RAJKOT MIRROR DAILY MORNING NEWS PAPER

Year : 15 Issue : 389 Dt. 03-08-2026 Page : 08 Price : Rs 3

આમારી Whatsapp Channel માં
જોડાવા માટે નીચે આપેલ QR Code Scan કરો

Editor : PRATIPALSINH NARENDRASINH JADEJA, Publisher, Printer & Owner : YASHPALSINH JAYCHANDRASINH JADEJA
Place of Publication and Printing : 201-SAGAR APPARTMENT, C-WING, OPP. SHREEJI HOTEL, NEAR MILESTONE APPARTMENT, ROYAL PARK STREET NO. 10, KALAWAD ROAD, RAJKOT

ઓગસ્ટથી ઓક્ટોબર વચ્ચે અલ નીનો ખૂબ શક્તિશાળી બની જશે. સમગ્ર દુનિયાનું તાપમાન ખૂબ ઝડપથી વધશે : WMO

# ભારતના ચોમાસા પર તોળાતું મોટુ જોખમ

## UN ચીફે વગાડી ખતરાની ઘંટડી! કહ્યું- આગમાં સળગી રહી છે ધરતીઃ અલ નીનોનું પહેલેથી જ સળગી રહેલી ધરતીમાં ઘી નાખવાનું કામ

નવી દિલ્હી, તા.૨

ભારતનું ચોમાસું મોટા જોખમમાં છે. સમગ્ર દુનિયામાં પહેલાં કરતાં વધુ ગરમી અને દુષ્કાળ જેવી સ્થિતિ સર્જાવાની છે. હવામાન નિષ્ણાતોએ અલ નીનો મજબૂત થવાની ગંભીર ચેતવણી આપી છે. સંયુક્ત રાષ્ટ્રના મહાસચિવ એન્ટોનિયો ગુટેરેસે ડરાવનારી વાત કહી છે. એન્ટોનિયો ગુટેરેસે કહ્યું, 'મજબૂત થઈ રહેલો અલ નીનો પહેલેથી જ સળગી રહેલી ધરતીમાં ઘી નાખવાનું કામ કરી રહ્યો છે.' આપણે એવા જોખમ તરફ આગળ વધી રહ્યા છીએ, જે અગાઉ ક્યારેય જોવા મળ્યું નથી. વર્લ્ડ મેટ્રોલોજિકલ ઓર્ગેનાઇઝેશન એટલે કે ઠખઘએ નવો ડેટા જાહેર કર્યો છે. ઠખઘ મુજબ ઓગસ્ટથી ઓક્ટોબર વચ્ચે અલ નીનો ખૂબ શક્તિશાળી બની જશે. તેનાથી સમગ્ર દુનિયાનું તાપમાન ખૂબ ઝડપથી વધશે. કેટલાક વિસ્તારોમાં ભારે વરસાદ પડશે. જ્યારે અન્ય ઘણા વિસ્તારોને ભયંકર દુષ્કાળનો સામનો કરવો પડશે. ભારતના ચોમાસા પર તેની સૌથી ખરાબ અસર પડવાની આશંકા છે. ઠખઘના અહેવાલમાં અન્ય ઘણા દેશોને લઈને પણ ચેતવણી જાહેર કરવામાં આવી છે. હોર્ન ઓફ આફ્રિકાના પશ્ચિમમાં દુષ્કાળ જેવી સ્થિતિ સર્જાઈ શકે છે. ઓસ્ટ્રેલિયાના દક્ષિણ અને પૂર્વી વિસ્તારો પણ દુષ્કાળની ઝપેટમાં આવી શકે છે. દક્ષિણ અમેરિકા અને ઉત્તર અમેરિકાના મોટા ભાગના વિસ્તારોમાં પણ વરસાદ ઓછો થવાની આગાહી કરવામાં આવી છે.



આ વર્ષે મરીન હીટવેવે વૈજ્ઞાનિકોને સંપૂર્ણપણે આશ્ચર્યચકિત કરી દીધા છે. સમુદ્રનું તાપમાન ઝડપથી વધી રહ્યું છે અને સ્થિતિ વધુ જોખમી બનવાની છે. ઠખઘએ જણાવ્યું કે ઘણા વિસ્તારોમાં તાપમાન સામાન્ય કરતાં ૨.૯ ડિગ્રી સેલ્સિયસ સુધી વધારે જઈ શકે છે. એન્ટોનિયો ગુટેરેસે પ્રશાંત મહાસાગરના ગરમ પાણીને લઈને ઊંડી ચિંતા વ્યક્ત કરી છે.

આ વર્ષે મરીન હીટવેવે વૈજ્ઞાનિકોને સંપૂર્ણપણે આશ્ચર્યચકિત કરી દીધા છે. સમુદ્રનું તાપમાન ઝડપથી વધી રહ્યું છે અને સ્થિતિ વધુ જોખમી બનવાની છે. ઠખઘએ જણાવ્યું કે ઘણા વિસ્તારોમાં તાપમાન સામાન્ય કરતાં ૨.૯ ડિગ્રી સેલ્સિયસ સુધી વધારે જઈ શકે છે. એન્ટોનિયો ગુટેરેસે પ્રશાંત મહાસાગરના ગરમ પાણીને લઈને ઊંડી ચિંતા વ્યક્ત કરી છે.

એન્ટોનિયો ગુટેરેસે કહ્યું, 'પ્રશાંત મહાસાગરનું પાણી અલ નીનોના શરૂઆતના તબક્કામાં ક્યારેય આટલું ગરમ નહોતું.' પાણીનું તાપમાન હજુ પણ સતત વધી રહ્યું છે. આ વર્ષ હવામાનના તમામ જૂના રેકોર્ડ તોડી શકે છે. તેના ખૂબ ગંભીર પરિણામોનો સમગ્ર દુનિયાએ સામનો કરવો પડશે. દક્ષિણ યુરોપ અને મધ્ય એશિયામાં સામાન્ય કરતાં વધુ વરસાદ પડવાની આશા છે.

એન્ટોનિયો ગુટેરેસે કહ્યું, 'પ્રશાંત મહાસાગરનું પાણી અલ નીનોના શરૂઆતના તબક્કામાં ક્યારેય આટલું ગરમ નહોતું.' પાણીનું તાપમાન હજુ પણ સતત વધી રહ્યું છે. આ વર્ષ હવામાનના તમામ જૂના રેકોર્ડ તોડી શકે છે. તેના ખૂબ ગંભીર પરિણામોનો સમગ્ર દુનિયાએ સામનો કરવો પડશે. દક્ષિણ યુરોપ અને મધ્ય એશિયામાં સામાન્ય કરતાં વધુ વરસાદ પડવાની આશા છે.

આ ઉનાળામાં એક્સ્ટ્રીમ વેધરે સમગ્ર દુનિયામાં ભારે તબાહી મચાવી છે. યુકેમાં મે મહિનાથી જ રેકોર્ડ તોડનારી હીટવેવ શરૂ થઈ ગઈ હતી. ફ્રાન્સ અને સ્પેનના જંગલોમાં લાગેલી આગે અનેક ગામોને બરબાદ કરી દીધાં છે. લાખો લોકોએ પોતાનું ઘર છોડીને ભાગવું પડ્યું છે. પ્રશાંત મહાસાગરમાં અલ નીનો એક એવી હવામાન પ્રણાલી છે, જે દુનિયાના હવામાનને બદલી નાખે છે. ભૂતકાળમાં અલ નીનોના કેટલાક વર્ષો ખૂબ હળવા રહ્યા છે, પરંતુ આ વખતે જળવાયુ સંકટે તેને સંપૂર્ણપણે વધુ શક્તિશાળી બનાવી દીધો છે. આ વર્ષે સમુદ્રનું પાણી સમય કરતાં પહેલાં જ ખૂબ ગરમ થઈ ગયું છે. તેનાથી સુપર અલ નીનો બનવાની આશંકા ઊભી થઈ છે. ઠખઘ આ શબ્દનો ઉપયોગ કરતું નથી, પરંતુ તેણે સ્વીકાર્યું છે કે આ પ્રણાલી સામાન્ય કરતાં ઘણી વધારે શક્તિશાળી હશે.

આ ઉનાળામાં એક્સ્ટ્રીમ વેધરે સમગ્ર દુનિયામાં ભારે તબાહી મચાવી છે. યુકેમાં મે મહિનાથી જ રેકોર્ડ તોડનારી હીટવેવ શરૂ થઈ ગઈ હતી. ફ્રાન્સ અને સ્પેનના જંગલોમાં લાગેલી આગે અનેક ગામોને બરબાદ કરી દીધાં છે. લાખો લોકોએ પોતાનું ઘર છોડીને ભાગવું પડ્યું છે. પ્રશાંત મહાસાગરમાં અલ નીનો એક એવી હવામાન પ્રણાલી છે, જે દુનિયાના હવામાનને બદલી નાખે છે. ભૂતકાળમાં અલ નીનોના કેટલાક વર્ષો ખૂબ હળવા રહ્યા છે, પરંતુ આ વખતે જળવાયુ સંકટે તેને સંપૂર્ણપણે વધુ શક્તિશાળી બનાવી દીધો છે. આ વર્ષે સમુદ્રનું પાણી સમય કરતાં પહેલાં જ ખૂબ ગરમ થઈ ગયું છે. તેનાથી સુપર અલ નીનો બનવાની આશંકા ઊભી થઈ છે. ઠખઘ આ શબ્દનો ઉપયોગ કરતું નથી, પરંતુ તેણે સ્વીકાર્યું છે કે આ પ્રણાલી સામાન્ય કરતાં ઘણી વધારે શક્તિશાળી હશે.

ઠખઘના મહાસચિવ સેલેસ્ટે સાઉલોએ સરકારોને તાત્કાલિક તૈયારી કરવાની અપીલ કરી છે. તેમણે કહ્યું કે આવનારા મહિનાઓમાં લોકોને ભીષણ ગરમી અને પૂરથી બચાવવા પડશે. સેલેસ્ટે સાઉલોએ કહ્યું, 'અલ નીનો દુનિયામાં સૌથી નજીકથી નિરીક્ષણ કરવામાં આવતી આબોહવાની ઘટના છે,' પરંતુ માત્ર આગાહી કરવાથી જોખમ ટળતું નથી, તેના માટે લોકોએ કામ કરવું પડે છે. આ અલ નીનો સમુદ્રની અભૂતપૂર્વ ગરમી વચ્ચે વિકસિત થઈ રહ્યો છે. તે સરકારોને જોખમોનો અંદાજ લગાવવાની મોટી તક આપી રહ્યો છે. આજે લેવામાં આવેલા નિર્ણયો જ આપણા આવતીકાલનું ભવિષ્ય નક્કી કરશે. ઞગ ચીફે પણ સરકારો પાસે અશ્મિભૂત ઈંધણ પર રોક લગાવવાની કડક માગ કરી છે.

ઠખઘના મહાસચિવ સેલેસ્ટે સાઉલોએ સરકારોને તાત્કાલિક તૈયારી કરવાની અપીલ કરી છે. તેમણે કહ્યું કે આવનારા મહિનાઓમાં લોકોને ભીષણ ગરમી અને પૂરથી બચાવવા પડશે. સેલેસ્ટે સાઉલોએ કહ્યું, 'અલ નીનો દુનિયામાં સૌથી નજીકથી નિરીક્ષણ કરવામાં આવતી આબોહવાની ઘટના છે,' પરંતુ માત્ર આગાહી કરવાથી જોખમ ટળતું નથી, તેના માટે લોકોએ કામ કરવું પડે છે.

# યુક્રેનમાં અનાજ સંકટના એંધાણ!

નવી દિલ્હી, તા.૨

રશિયાએ યુક્રેનના બ્લેક સી પોર્ટ્સ, ખાસ કરીને ઓડેસા, પર ડ્રોન અને મિસાઈલ હુમલા તેજ કર્યા છે. આ પોર્ટ્સ યુક્રેનની ૬૦% કૃષિ નિકાસ અને અર્થતંત્ર માટે મહત્વપૂર્ણ છે. હુમલાને કારણે શિપિંગ કંપનીઓ યુક્રેનના બંદરો પર જવાનું ટાળી રહી છે, જેથી વૈશ્વિક અનાજ બજાર પર અસર થવાની ભીતિ છે. યુક્રેન માટે એર ડિફેન્સ એક મોટો પડકાર છે. યુક્રેનના બ્લેક સી પોર્ટ્સ આજકાલ રશિયા-યુક્રેન યુદ્ધનો મહત્વનો હિસ્સો બની ગયા છે. આ પોર્ટ્સ માત્ર સામાન મોકલવાના રસ્તા નથી, પરંતુ યુક્રેનની અર્થવ્યવસ્થા અને અનાજ વેપાર માટે ખૂબ જરૂરી છે. અહીંથી ઘઉં, મકાઈ, સૂરજમુખી તેલ અને અન્ય કૃષિ ઉત્પાદનો દુનિયાના અનેક દેશો સુધી પહોંચે છે. આ જ કારણે આ પોર્ટ્સ પર વધતા હુમલાઓએ યુક્રેનની ચિંતા વધારી દીધી છે. રશિયાએ યુક્રેનના ઓડેસા સહિતના અનેક દરિયાકાંઠાના વિસ્તારોમાં ડ્રોન



બ્લેક સી બંદરો પર રશિયાના આડેધડ હુમલા બાદ સ્થિતિ ગંભીર

અને મિસાઈલ હુમલા તેજ કર્યા છે. આ હુમલાઓની અસર દરિયાઈ વેપાર, અનાજ નિકાસ અને યુક્રેનની કમાણી પર પડી રહી છે.યુક્રેનની કુલ નિકાસમાં કૃષિ ઉત્પાદનોનો હિસ્સો લગભગ ૬૦% છે. એવામાં જો પોર્ટ્સ પરથી સામાન મોકલવામાં મુશ્કેલી આવે, તો તેની સીધી અસર દેશની અર્થવ્યવસ્થા પર પડી શકે છે. વળી, હુમલાના જોખમને કારણે ઘણી શિપિંગ કંપનીઓ પણ યુક્રેનના બંદરો પર જવાથી બચી રહી છે.યુક્રેનના બ્લેક સી પોર્ટ્સ દેશના સૌથી મોટા વેપારી માર્ગોમાં સામેલ છે. રશિયા આ પોર્ટ્સ પર દબાણ બનાવીને યુક્રેનની એક્સપોર્ટ સિસ્ટમને નબળી કરવાનો પ્રયાસ કરી રહ્યું છે. જો દરિયાઈ માર્ગે સામાન મોકલવો મુશ્કેલ બને તો, યુક્રેનની વિદેશી કમાણી ઘટી શકે છે, અને યુદ્ધ દરમિયાન તેની આર્થિક મુશ્કેલીઓ વધી શકે છે.,મલાના વધતા જોખમને કારણે જહાજ કંપનીઓ પણ સાવચેતી વર્તી રહી છે.

અહેવાલો મુજબ, લગભગ ૯૦% જહાજ ઓપરેટરોએ યુક્રેનના પોર્ટ્સ પર પોતાની અવરજવર ઘટાડી દીધી છે. તેનું મોટું કારણ યુદ્ધનું જોખમ અને વધતો વીમા ખર્ચ છે.યુક્રેન સામે એક મોટી સમસ્યા મિસાઈલ હુમલાઓથી બચાવની છે. રશિયા સતત ડ્રોન અને મિસાઈલોનો ઉપયોગ કરી રહ્યું છે. આ હુમલા રોકવા માટે યુક્રેન અમેરિકી પેટ્રિઓટ એર ડિફેન્સ સિસ્ટમ પર નિર્ભર છે, પરંતુ તેની સંખ્યા મર્યાદિત છે. જો યુક્રેન આ સિસ્ટમ પોર્ટ્સની સુરક્ષામાં લગાવે, તો બીજા શહેરો અને સૈન્ય મથકોની સુરક્ષા પ્રભાવિત થઈ શકે છે.

'ઓપરેશન સિંદૂર'થી ફફડેલા ''નાપાક''ના હવાતિયા

# સરહદ પર ચીનની ૨૫૦ ઘાતક તોપો ગોઠવી

## ભારત સામે પાકિસ્તાન-ચીનનું નવું જોખમ

નવી દિલ્હી, તા.૨

પાકિસ્તાને ચીન પાસેથી ખરીદેલી ૨૫૦ જઇ-૧૫ હોવિત્ઝર તોપો ભારતની પશ્ચિમી સરહદ નજીક ગોઠવવાનું શરૂ કર્યું છે. ગુપ્તચર સૂત્રો મુજબ, પાકિસ્તાન ઉત્તરથી દક્ષિણના મહત્વના સરહદી વિસ્તારોમાં આ તૈયારી કરી રહ્યું છે. 'ઓપરેશન સિંદૂર'માં થયેલી હાર બાદ પાકિસ્તાન ચીન સાથે મળી ભારત સામે નવું ષડયંત્ર રચી રહ્યું છે. આ તોપોની 'શૂટ-એન્ડ-સ્કૂટ' ટેકનોલોજી ચિંતાજનક છે, પરંતુ ભારત પાસે ઊં-૯ વજ જેવી શક્તિશાળી તોપો હાજર છે.ભારત સામે નવું ષડયંત્ર રચતા પાકિસ્તાને પશ્ચિમી સરહદ પર પોતાની નાપાક હરકતો વધારી દીધી છે. પાકિસ્તાને ચીન પાસેથી ખરીદેલી ૨૫૦ આધુનિક જઇ-૧૫ હોવિત્ઝર તોપો ભારત સરહદ નજીક ગોઠવવાનું શરૂ કર્યું છે. ગુપ્તચર સૂત્રોના જણાવ્યા મુજબ, પાકિસ્તાન ઉત્તરથી દક્ષિણ સુધીના મહત્વના સરહદી વિસ્તારોમાં આ નાપાક તૈયારીઓ કરી રહ્યું છે.મે



૨૦૨૫માં ભારતીય સેનાએ 'ઓપરેશન સિંદૂર' હેઠળ પાકિસ્તાન સ્થિત આતંકી ઠેકાણાઓ પર સણસણતો પ્રહાર કર્યો હતો, જેમાં પાકિસ્તાની આર્ટિલરી ક્ષમતાને મોટો ફટકો પડ્યો હતો. આ હારથી સમસમી ગયેલા પાકિસ્તાને પોતાની નાપાક હરકતોને અંજામ આપવા અને લશ્કરી તાકાત બતાવવા માટે ચીન પાસેથી આ ૨૫૦ નવી તોપો મેળવી છે.ચીનની આ તોપ ૬ઠ્ઠ૬ આર્મ્ડ ટ્રક પર સવાર હોય છે. આ તોપ રસ્તા પર પ્રતિ કલાક ૯૦ કિમીની ઝડપે દોડી શકે છે. તે સાધારણ ગોળા ૩૦થી ૪૦ કિમી અને સ્પેશિયલ રોકેટ ગોળા ૫૩થી ૭૨ કિમી સુધી સચોટ રીતે ફેંકી શકે છે. આ તોપમાંથી પ્રતિ મિનિટ ૬ રાઉન્ડ ફાયરિંગ શક્ય છે.આ તોપની સૌથી મોટી ખાસિયત 'શૂટ-એન્ડ-સ્કૂટ' ટેકનોલોજી છે, જેનો ઉપયોગ કરીને પાકિસ્તાની સેના હુમલો કરીને તરત ભાગી જવાની નાપાક યુક્તિ અજમાવી શકે છે. એટલે કે, ગોળીબાર કર્યા પછી આ તોપ તરત જ પોતાનું સ્થળ બદલી નાખે છે, જેથી સામે પક્ષે તેના પર વળતો પ્રહાર કરવો મુશ્કેલ બની જાય છે.સરહદ પર આ તોપોની ગોઠવણી કરીને પાકિસ્તાન ભારતની સૈન્ય ચોકીઓ અને સપ્લાય રૂટને નિશાન બનાવવાની નાપાક યોજના બનાવી રહ્યું છે. પાકિસ્તાન અને ચીનની આ વધતી જુગલબંધી સરહદની શાંતિ ડહોળવાનો પ્રયાસ છે. જોકે, ભારત પાસે પણ 'ઊં-૯ વજ' જેવી શક્તિશાળી તોપો હાજર છે, જેથી પાકિસ્તાનની આવી કોઈ પણ નાપાક હરકતનો જડબાતોડ જવાબ આપી શકાશે.

પશુઓથી થતા અકસ્માતો મામલે સુપ્રીમ કોર્ટ લાલઘૂમ

# આવનારા ૧૦૦ રવિવાર બદલશે ભારતનું ભવિષ્ય

## 'નશા મુક્ત યુવા ફોર વિકસિત ભારત સંકલ્પ અભિયાન'નો પ્રારંભ કર્યો

નવી દિલ્હી, તા.૨

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ 'નશા મુક્ત યુવા ફોર વિકસિત ભારત સંકલ્પ અભિયાન'નો પ્રારંભ કર્યો છે. વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા ૨૮,૦૦૦થી વધુ સ્થળોએથી ૧ કરોડથી વધુ યુવાઓએ નશામુક્ત ભારતના નિર્માણનો સંકલ્પ લીધો. મોદીએ ડ્રગ્સના કારોબારને દુશ્મન દેશોનો આતંકવાદી એજન્ડા ગણાવ્યો. તેમણે યુવાનોને દેશની અમૃત પેઢી ગણાવી, જે ૨૦૪૭માં વિકસિત ભારત બનાવશે. આગામી ૧૦૦ રવિવાર 'નશા મુક્ત ભારત' માટે ૧૦૦ મજબૂત પગલાં સાબિત થશે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ દેશભરમાં યુવાનોને નશા વિરુદ્ધ સંઘટિત કરવાના ઉદ્દેશ્યથી 'નશા મુક્ત યુવા ફોર વિકસિત ભારત સંકલ્પ અભિયાન'ની શરુઆત કરી છે. વિડિયો કોન્ફરન્સિંગના માધ્યમથી શરૂ થયેલી આ રાષ્ટ્રવ્યાપી પહેલ હેઠળ ૨૮,૦૦૦ થી વધુ જગ્યાઓથી જોડાયેલા ૧ કરોડથી વધુ યુવા સાથીઓએ નશામુક્ત ભારતના નિર્માણનો સંકલ્પ લીધો છે. વડાપ્રધાન મોદીએ કાર્યક્રમને સંબોધિત કરતા જણાવ્યું હતું કે આ અભિયાન વ્યક્તિ, પરિવાર, સમાજ અને રાષ્ટ્ર માટે અત્યંત મહત્ત્વપૂર્ણ છે. 'વિકસિત ભારત સંકલ્પ અભિયાન માટે નશામુક્ત યુવા' આ મુવમેન્ટનું નામ જ તેના સંકલ્પને સ્પષ્ટ કરે છે.

વડાપ્રધાને જણાવ્યું હતું કે દુશ્મન દેશો ભારતમાં ડ્રગ્સ મોકલીને અને યુવાનોને નિશાન બનાવીને દેશને નબળો પાડવાનો પ્રયાસ કરી રહ્યા છે. તેમણે ગેરકાયદે ડ્રગ્સના કારોબારને દુશ્મનના આતંકવાદી એજન્ડાનો હિસ્સો ગણાવ્યો. તેમણે ભારપૂર્વક કહ્યું કે જ્યારે દેશે વિકસિત ભારતનું




લક્ષ્ય નક્કી કર્યું છે, ત્યારે તેના માટે દેશના યુવાનો તન-મનથી સ્વસ્થ અને આત્મવિશ્વાસથી ભરપૂર હોવા જરૂરી છે.વડાપ્રધાને આ અભિયાનને સામૂહિક જનઆંદોલન બનાવવાની જરૂરિયાત પર ભાર મૂકતા કહ્યું કે, આગામી ૧૦૦ રવિવાર 'નશા મુક્ત ભારત'ની દિશામાં ૧૦૦ મજબૂત પગલાં સાબિત થશે. આજે હજારો શાળાઓ, કોલેજો અને યુનિવર્સિટીઓના લાખો વિદ્યાર્થીઓ આ કાર્યક્રમ સાથે ઓનલાઈન જોડાયા છે. સરકાર પણ ડ્રગ્સના કારોબારીઓ સામે અત્યંત સખત કાર્યવાહી કરી રહી છે, જેના ભાગરૂપે પહેલાની સરખામણીએ ઘણી વધારે ધરપકડો કરવામાં આવી છે અને હજારો કરોડ રૂપિયાના ડ્રગ્સ જપ્ત કરવામાં આવ્યા છે.

વડાપ્રધાને પરિવારો અને યુવાનોને માર્ગદર્શન આપતા કહ્યું કે જો કોઈ યુવા ભૂલથી પણ નશાની ચપેટમાં આવી જાય તો તેના બધા રસ્તા બંધ થઈ જતા નથી. સામાજિક પ્રતિષ્ઠાના ડરથી આવી બાબતો છુપાવવી જોઈએ નહીં, પરંતુ ત્વરિત મેડિકલ હેલ્પ લેવી જોઈએ. તેમણે પરિવારમાં બાળકો સાથે ખુલ્લા સંવાદની સંસ્કૃતિ વિકસાવવા પર પણ ભાર મૂક્યો હતો. યુવાનોને દેશની 'અમૃત પેઢી' ગણાવતા વડાપ્રધાને જણાવ્યું કે આવનારા ૨૦ થી ૨૫ વર્ષોમાં યુવાનોએ જ ૨૦૪૭ માં દેશને વિકસિત ભારતની મંજીલ સુધી પહોંચાડવાનો છે અને તેના શિખર પર બિરાજમાન થવાનું છે.

### અભિયાનનું મુખ્ય સ્વરૂપ અને આયોજનો

જનભાગીદારીઃ આ અભિયાન માય ભારત (MY Bharat) ના યુવા સ્વયંસેવકોના નેતૃત્વમાં દેશવ્યાપી જન ભાગીદારી અભિયાન તરીકે ચાલશે. સાપ્તાહિક પ્રવૃત્તિઓ: દર રવિવારે રમતગમત સ્પર્ધાઓ, વોકાથોન, ધ્યાન સત્રો, સાંસ્કૃતિ ક કાર્યક્રમો, નુક્કડ નાટક અને જાગૃતિ અભિયાન યોજાશે.સન્માન સમારોહઃ અભિયાનમાં ઉત્કૃષ્ટ યોગદાન આપનાર સ્વયંસેવકો અને સંસ્થાઓને ૫૦મા, ૭૫મા અને ૧૦૦મા અઠવાડિયે સન્માનિત કરવામાં આવશે.

## ફ્રેન્ડશીપ ડેની ઉજવણી વચ્ચે મિત્રો માટે પ્રેરક કહાની

# અંતિમ ગૃહમાં મિત્રની મૂર્તિ સ્થાપીને રોજ કરાતી પૂજા!

## સાચી મિત્રતા મૃત્યુ પછી પણ આજેય અખંડ બતાવતા ચંદુભાઈઃ મિત્રતા પરોક્ષ રીતે પણ ટકાવી રાખવાની અનન્ય ભાવના

રાજકોટ મિરર, તા.૨

આજના આધુનિક અને ઝડપી જમાનામાં, જ્યાં લોકો પાસે પોતાના લોહીના સંબંધો માટે પણ સમય નથી, જ્યાં સ્વાર્થ પૂરો થતાં જ સંબંધોની આવરદા પૂરી થઈ જાય છે, ત્યાં એક એવી સત્યકથા અસ્તિત્વ ધરાવે છે જે સાબિત કરે છે કે માનવતા અને નિઃસ્વાર્થ પ્રેમ હજુ પણ જીવંત છે. લોકો કહે છે કે હવે કોઈ પર વિશ્વાસ મૂકી શકાય તેમ નથી, પોતિકા જ દગો આપીને સંબંધોની હત્યા કરી નાખે છે. પરંતુ, વાદળોની પાછળ છુપાયેલા સૂર્યની જેમ, ક્યાંક ને ક્યાંક આવી અમર મિત્રતાના દર્શન થઈ જ જાય છે, જે આખા સમાજને સંબંધોની સાચી વ્યાખ્યા શીખવી જાય છે.

આ કોઈ કાલ્પનિક વાર્તા નથી, પણ રાજકોટ જિલ્લાના જેતપુરમાં શ્વાસ લઈ રહેલી એક જીવંત હકીકત છે - ચંદુભાઈ મકવાણા અને તેમના સ્વર્ગસ્થ મિત્ર હકુભાઈની અતૂટ મિત્રતાની કહાની. વાતની શરૂઆત થાય છે સાંસ્કૃતિક નગરી ભાવનગરથી. ચંદુભાઈ અને હકુભાઈ બંને એક જ મિત્રમંડળના સભ્યો. તેમની મિત્રતા માત્ર સાથે બેસીને ચા પીવા પૂરતી સીમિત નહોતી. તેમના વિચારો, તેમના સપનાઓ અને તેમના સુખ-દુઃખ એકબીજા સાથે જોડાયેલા હતા.










એક મિત્રના ચહેરા પર ઉદાસી આવે, તો બીજાની આંખમાં આપોઆપ આંસુ આવી જાય, એ સ્તરનો આ સંબંધ હતો. વર્ષો સુધી આ બંને મિત્રોએ એકબીજાનો પડછાયો બનીને જીવનની દરેક નાની-મોટી સફર કાપી હતી. તેમની મિત્રતા આસપાસના લોકો માટે પણ એક ઉદાહરણ સમાન હતી.જીવન ક્યારે કયો વળાંક લેશે, તે કોઈ જાણી શકતું નથી. હસતા-રમતા આ મિત્રોના જીવનમાં એક કાળમુખો દિવસ આવ્યો. હકુભાઈ દર્શનાર્થે બગદાણા જઈ રહ્યા હતા. રસ્તામાં અચાનક એક ભયાનક અકસ્માત સર્જાયો. કાળની થપાટે હકુભાઈને કાયમ માટે છીનવી લીધા. તેમનું દુઃખદ અવસાન થયું.

આ માત્ર એક વ્યક્તિનું મૃત્યુ નહોતું, આ ચંદુભાઈના અડધા અસ્તિત્વનો અંત હતો. પરિવાર માટે તો આ વજ્રાઘાત હતો જ, પણ ચંદુભાઈ માટે આ આઘાત સહન કરવો અશક્ય હતો. જે મિત્ર સાથે કલાકો સુધી વાતો થતી, જેના વગર દિવસ પસાર નહોતો થતો, તે અચાનક શૂન્યમાં વિલીન થઈ ગયો. ચંદુભાઈ લાંબા સમય સુધી આ આઘાતમાંથી બહાર ન આવી શક્યા. તેમની આંખો પોતાના મિત્રને શોધતી રહી. સમય વીતતો ગયો. ચંદુભાઈ ભાવનગર છોડીને રાજકોટના જેતપુરમાં સ્થાયી થયા. જગ્યા બદલાઈ, વાતાવરણ બદલાયું, પણ હૃદયમાં રહેલી મિત્રની યાદો જરા પણ ધૂંધળી ન થઈ. એક દિવસ ચંદુભાઈના મનમાં એક વિચાર સ્ફૂર્યો - ''શું મારો મિત્ર માત્ર એક તસવીર બનીને રહી જશે? ના, મારો હકુ ક્યારેય મરી ન શકે.'' તેમણે એક અનોખો અને અદભુત નિર્ણય લીધો. તેમણે પોતાના પ્રિય મિત્ર હકુભાઈની આબેહૂબ મૂર્તિ તૈયાર કરાવી અને તેનું સ્થાપન એવી જગ્યાએ કર્યું જ્યાં સામાન્ય રીતે લોકો જવાનું ટાળે છે - અંતિમ ગૃહમાં! જ્યાં દુનિયાના સંબંધો રાખ બનીને ઉડી જાય છે, ત્યાં ચંદુભાઈએ પોતાની મિત્રતાનું અમર સ્મારક સ્થાપ્યું.

### એક મૂક પ્રતિમા સાથેનો જીવંત સંવાદ

આજદિન સુધી, શિયાળાની કડકડતી ઠંડી હોય, ધોધમાર વરસાદ હોય કે કાળઝાળ ગરમી... ચંદુભાઈનો નિત્યક્રમ ક્યારેય બદલાયો નથી. દરરોજ સવારે સૂર્યોદય થતાંની સાથે જ ચંદુભાઈ સૌથી પહેલાં અંતિમ ગૃહે પહોંચે છે. તેઓ પોતાના મિત્રની મૂર્તિને પ્રેમથી સાફ કરે છે. તાજા ફૂલોનો હાર પહેરાવે છે. એક પવિત્ર દીવો પ્રગટાવે છે.બંને હાથ જોડીને આંખો બંધ કરી પ્રાર્થના કરે છે. આ માત્ર એક ઔપચારિકતા નથી. આ બે આત્માઓ વચ્ચેનો એવો સંવાદ છે જેને કોઈ ભાષાની જરૂર નથી. ચંદુભાઈ પોતાના દિવસની શરૂઆત આ પૂજા પછી જ કરે છે. સ્થાનિક રહેવાસી ગિરીશભાઈ પણ આ દિવ્ય લાગણીના સાક્ષી છે. તેઓ આશ્ચર્ય અને આદર સાથે કહે છે કે, ''મેં છેલ્લા ઘણા વર્ષોથી ચંદુભાઈને જોયા છે. તેઓ એક પણ દિવસ ચૂક્યા વિના પોતાના મિત્રની પૂજા કરવા આવે છે. આજના સ્વાર્થી સમયમાં આવી મિત્રતા તો કોઈ પુણ્યશાળીને જ જોવા મળે.''

### આંસુઓમાંથી જન્મેલી સમાજસેવાઃ 'હકુ ગ્રુપ'

મિત્રની યાદને માત્ર મૂર્તિ પૂરતી સીમિત રાખવાને બદલે ચંદુભાઈએ તેને એક વિશાળ વટવૃક્ષનું રૂપ આપ્યું. મિત્રના આત્માને સાચી શાંતિ અને ગર્વ અપાવવા માટે તેમણે જેતપુરમાં 'હકુ ગ્રુપ' નામની સેવાકીય સંસ્થા શરૂ કરી.આ સંસ્થા દ્વારા જરૂરિયાતમંદ લોકોની અવિરત મદદ કરવામાં આવે છે. ગરીબ પરિવારોની દીકરીઓ, જેમના લગ્નનો ખર્ચ ઉઠાવવો મુશ્કેલ હોય, તેમના માટે ચંદુભાઈએ બીડું ઝડપ્યું. શરૂઆતમાં હકુભાઈના નામે ૧૧ દીકરીઓના સમૂહલગ્ન યોજાયા.ત્યારબાદ આ આંકડો ૨૧ પર પહોંચ્યો.પછી ૫૧ સમૂહલગ્ન સફળતાપૂર્વક સંપન્ન થયા.અને હવે, આ મિત્રતાની સુગંધ વધુ ફેલાવવા ૭૧ સમૂહલગ્ન યોજવાનો મહાસંકલ્પ લેવામાં આવ્યો છે. ચંદુભાઈ ગર્વથી અને ભીની આંખે કહે છે, ''મારો મિત્ર ઉપર બેઠો બેઠો આ બધું જોતો હશે. તેને ચોક્કસ ગર્વ થતો હશે કે તેના નામે આજે સમાજની ગરીબ દીકરીઓના ઘર મંડાઈ રહ્યા છે, સારાં કાર્યો થઈ રહ્યા છે.''

### ફ્રેન્ડશીપ ડે પર સાચો સંદેશ

''સાચો મિત્ર એ છે જે તમારી ગેરહાજરીમાં પણ તમારું અસ્તિત્વ ટકાવી રાખે.''ચંદુભાઈ અને હકુભાઈની આ કહાની ફ્રેન્ડશીપ ડે ના દિવસે સૌ કોઈને એક મોટો પાઠ ભણાવે છે. મિત્રતા એ કાંડા પર બાંધેલા 'ફ્રેન્ડશીપ બેન્ડ' પૂરતી સીમિત નથી, તે હૃદય પર અંકાયેલો એવો શિલાલેખ છે જેને મૃત્યુ પણ ભૂંસી શકતું નથી. ચંદુભાઈએ સાબિત કરી દીધું છે કે જો પ્રેમ સાચો હોય, તો પરોક્ષ રીતે પણ સંબંધને અખંડ રાખી શકાય છે.આજના દિવસે આવી મિત્રતાને કોટિ કોટિ વંદન, જે સમાજ માટે પ્રેરણાનું ઝરણું બનીને સદીઓ સુધી વહેતી રહેશે.

# ટ્રેનના પૈડાં થંભી ગયા એક માનવીય હૃદયને ધબકતું રાખવા!

## ભરૂચઃ એક પરિવારે ગુમાવ્યો સ્વજન, પણ ૬ લોકોને મળ્યું નવજીવન; અંગદાન માટે 'વંદે ભારત' ટ્રેનને અપાયું ઐતિહાસિક સ્પેશિયલ સ્ટોપ!



### પરિવારોમાં પ્રગટ્યો આશાનો સૂરજ

વંદે ભારત ટ્રેનની તેજ ગતિ અને રેલવેના આ અદ્ભુત સહયોગના કારણે, નિર્ધારિત સમયની અંદર અંગો હોસ્પિટલ સુધી પહોંચી ગયા. ૬ અલગ-અલગ દર્દીઓ, જેઓ જીવનની આશા છોડી ચૂક્યા હતા, તેમના શરીરમાં ભરૂચના આ દાતાના અંગોનું સફળતાપૂર્વક પ્રત્યારોપણ થયું. આજે એ ૬ લોકો જીવિત છે, શ્વાસ લઈ રહ્યા છે, અને તેમના પરિવારના ચહેરા પર સ્મિત છે – જેનો સંપૂર્ણ શ્રેય પેલા અજ્ઞાત દાતા પરિવાર અને રેલવેના આ હ્યુમન ટચને જાય છે.

**મશીનો- નિયમો પણ માનવતા માટે પોતાનો માર્ગ બદલી નાખે છે, ત્યારે સમજવું કે પૃથ્વી પર હજુ પણ ઈશ્વરનો વાસ છે''**

આજે આપણે સૌએ ભરૂચના તે બ્રેઈન ડેડ દર્દીના પરિવારજનોને બે હાથ જોડીને વંદન કરવા જોઈએ. સાથે જ, રેલવે વિભાગના એ અધિકારીઓને પણ સલામ છે જેમણે 'નિયમ' કરતા 'જીવન'ને વધુ મહત્વ આપ્યું. આ ઘટના એ વાતની સાબિતી છે કે જ્યારે બચાવનાર ભગવાન અને સાથ આપનાર સમાજ હોય, ત્યારે મૃત્યુ પણ હારી જાય છે.

રાજકોટ, તા.૨

જીવન અને મૃત્યુ વચ્ચેનો સમય ક્યારેક સેકન્ડોમાં મપાય છે, અને જ્યારે વાત અંગદાનની હોય, ત્યારે સમય જ સૌથી મોટો ભગવાન બની જાય છે. કોઈના ઘરમાં જ્યારે મોતનો માતમ છવાયેલો હોય, ત્યારે તે જ પરિવાર પોતાના આંસુ લૂછીને બીજાના ઘરનો દીપક બુઝાતો અટકાવવાનો નિર્ણય લે, તો તેને માનવતાનું સૌથી મોટું શિખર કહેવાય. ભરૂચમાં બનેલી આવી જ એક ઘટનાએ માત્ર ૬ લોકોને નવું જીવન જ નથી આપ્યું, પણ સરકારી નિયમોની ઉપર ઊઠીને માનવતાનો એક એવો સુવર્ણ અધ્યાય લખ્યો છે જે હંમેશા યાદ રહેશે.

કોઈ પણ પરિવાર માટે પોતાના વહાલસોયા સ્વજનને અચાનક ગુમાવવો એ વજ્રાઘાત સમાન હોય છે. ભરૂચમાં જ્યારે એક દર્દીને તબીબો દ્વારા 'બ્રેઈન ડેડ' જાહેર કરવામાં આવ્યા, ત્યારે પરિવાર પર આભ તૂટી પડ્યું હતું. પરંતુ, આ ઘેરા શોક વચ્ચે પણ પરિવારે એક એવો નિર્ણય લીધો જેણે આખા સમાજને નતમસ્તક કરી દીધો.

તેમણે પોતાના સ્વજનના અંગોનું દાન કરવાનો નિર્ધાર કર્યો! શરીર ભલે પંચમહાભૂતમાં વિલીન થઈ જાય, પણ તેના અંગો દ્વારા અન્ય છ લોકોની જિંદગીઓ બચાવવાનો આ નિર્ણય ખરા અર્થમાં ઈશ્વરીય કાર્ય હતું. હૃદય, કિડની અને લિવર જેવા મહત્વના અંગો દાનમાં મળ્યા હતા.

અંગદાનની પ્રક્રિયામાં સૌથી મોટો દુશ્મન સમય હોય છે. ખાસ કરીને જ્યારે હૃદય જેવા અંગને એક શહેરમાંથી બીજા શહેરમાં પ્રત્યારોપણ માટે લઈ જવાનું હોય, ત્યારે ગણતરીની મિનિટોનો ખેલ હોય છે. ભરૂચથી આ અંગોને સુરક્ષિત અને ઝડપથી ગંતવ્ય સ્થાન સુધી પહોંચાડવા માટે એક ચમત્કારની જરૂર હતી. રસ્તા માર્ગે ટ્રાફિકના કારણે વિલંબ થવાની શક્યતા હતી.આવા સમયે, ભારતીય રેલવે અને વહીવટી તંત્રનો એક અત્યંત સંવેદનશીલ અને 'હ્યુમન ટચ' ધરાવતો ચહેરો સામે આવ્યો.સામાન્ય રીતે 'વંદે ભારત એક્સપ્રેસ' જેવી પ્રીમિયમ અને હાઈ-સ્પીડ ટ્રેનોના સ્ટોપેજ અને સમયપત્રક અત્યંત કડક હોય છે. તે નક્કી કરેલા સ્ટેશન સિવાય ક્યાંય ઊભી રહેતી નથી. પરંતુ, આ વખતે સવાલ ૬ જિંદગીઓનો હતો.રેલવેના ઉચ્ચ અધિકારીઓને જ્યારે આ વાતની જાણ થઈ, ત્યારે કોઈ પણ પ્રકારની લાલફીતાશાહી કે ફાઈલ-વર્કની રાહ જોયા વિના, રાતોરાત એક ઐતિહાસિક નિર્ણય લેવામાં આવ્યો. માનવતા ખાતર 'વંદે ભારત એક્સપ્રેસ'ને ભરૂચ રેલવે સ્ટેશન પર એક વિશેષ 'અનશેડ્યુલ્ડ' (નક્કી ન હોય તેવું) સ્ટોપિંગ આપવામાં આવ્યું.પ્લેટફોર્મ પર 'ગ્રીન કોરિડોર' બનાવવામાં આવ્યો.સ્થાનિક પોલીસ અને તબીબી ટીમે એક સેકન્ડનો પણ બગાડ કર્યા વિના મેડિકલ બોક્સ (અંગો) સાથે ટ્રેનમાં પ્રવેશ કર્યો. ટ્રેનના લોકો પાયલટ અને ગાર્ડ પણ જાણે ભગવાનના દૂત બનીને આ 'જીવન-રથ'ને સમયસર પહોંચાડવા કટિબદ્ધ હતા.

# મિત્રતાના મહોરા પાછળથી ચિરાયો સાયબર માફિયા ચહેરો

## મિત્રએ જ અંધારામાં રાખી ખેલ્યો ૪૧ કરોડનો ખેલઃ દેશભરમાં ૧૧૮ ફરિયાદોનો ભોગ બન્યો એક નિર્દોષ વિશ્વાસ!

રાજકોટ, તા.૨

જ્યારે કોઈ પોતાનો કહેવાતો માણસ ખભે હાથ મૂકીને કહે કે, ''અરે ભાઈ, તું ચિંતા ના કર, હું બેઠો છું ને!'' ત્યારે સામાન્ય માણસ અડધો તો ત્યાં જ નિશ્ચિંત થઈ જતો હોય છે. મિત્રતાના નામે આપણે ક્યારેય કાગળિયા વાંચવાની તસ્દી લેતા નથી અને ભરોસાના નામે સહી કરી દઈએ છીએ.




પણ આજનો સમય એવો છે કે ક્યારેક પીઠ પાછળ રહેલો મિત્ર જ ખંજર ભોંકવા માટે તૈયાર ઊભો હોય છે. અમદાવાદના ઉમેશ પ્રજાપતિ નામના એક યુવાન સાથે બરાબર આવું જ થયું. જે મિત્રને તે પોતાનો હિતેચ્છુ માનતો હતો, તે ખરેખર તેના વિનાશનો ખાડો ખોદી રહ્યો હતો.

વાત જાણે એમ બની કે, એક વર્ષ અગાઉ આ 'કહેવાતા' મિત્રએ ઉમેશભાઈને સરળતાથી લોન અપાવવાની લાલચ આપી. મિત્ર પર આંધળો વિશ્વાસ હોવાથી ઉમેશભાઈ તેની સાથે આશ્રમ રોડ પર આવેલી કોસ્મોસ બેન્કમાં ગયા. ઉમેશભાઈ બેંકિંગ પ્રક્રિયા અને કાગળિયાની આંટીઘૂંટીથી અજાણ હતા. આ જ અજ્ઞાનતાનો લાભ તે ગદ્દાર મિત્રએ ઉઠાવ્યો.તેણે 'શિવાંશ ટ્રેડિંગ'ના નામે ઉમેશભાઈને પ્રોપરાઈટર દર્શાવીને એક બેંક ખાતું ખોલાવી લીધું અને જ્યાં જ્યાં જરૂર પડી ત્યાં વિશ્વાસમાં લઈને સહીઓ કરાવી લીધી. ઉમેશભાઈને એમ કે લોનનું કામ થઈ રહ્યું છે, પણ તેમને ક્યાં ખબર હતી કે તેમના નામે 'વિનાશનું એકાઉન્ટ' ખુલી રહ્યું છે! મિત્રએ બહુ જ સિફતથી પાસબુક, ચેકબુક અને અઝખ કાર્ડ સહિતની આખી કીટ પોતાની પાસે જ રાખી લીધી.પછી શરૂ થયો એક એવો કાળો ખેલ જેની કલ્પના પણ ધ્રુજાવી દે તેવી છે. આ મિત્ર કોઈ સામાન્ય માણસ નહોતો, તે સાયબર માફિયાઓ સાથે સંકળાયેલી ગેંગનો હિસ્સો હતો. તેણે ઉમેશભાઈના ખાતાનો ઉપયોગ 'મ્યુલ એકાઉન્ટ' (સાયબર ક્રાઈમના નાણાં છુપાવવા ભાડે અપાતું બેંક ખાતું) તરીકે કર્યો. દેશભરના ભોળા લોકો પાસેથી સાયબર ફ્રોડ કરીને લૂંટાયેલા રૂપિયા આ ખાતામાં જમા થવા લાગ્યા. અને ત્યાંથી આંગડિયા, ડિજિટલ પેમેન્ટ કે ક્રિપ્ટો કરન્સી મારફતે વિદેશમાં બેઠેલા ગેંગના માસ્ટરમાઈન્ડ સુધી પહોંચવા લાગ્યા.જ્યારે નવરંગપુરા પોલીસે 'ઓપરેશન મ્યુલ હંટ' હેઠળ સાયબર ક્રાઈમના મૂળિયાં શોધવાની તપાસ શરૂ કરી, ત્યારે જે આંકડાઓ બહાર આવ્યા તે હોશ ઉડાવનારા હતા.

સમન્વય પોર્ટલ પર તપાસ કરતા જણાયું કે માત્ર એક વર્ષના ટૂંકા ગાળામાં આ એકાઉન્ટમાં ૪૧.૬૬ કરોડ રૂપિયાના શંકાસ્પદ વ્યવહારો થયા હતા! આટલું જ નહીં, આ ખાતા સામે આખા દેશમાંથી ૧૧૮ ફરિયાદો નોંધાઈ હતી!

# તહેવારો પહેલા મોંઘવારીનો આંચકો આપવા કંપનીઓ તૈયાર!

## પશ્ચિમ એશિયામાં તણાવ અને કાચા માલના વધતા ખર્ચને કારણે લગભગ ૮ કંપનીઓ ભાવમાં વધારો કરશેઃ ટૂથપેસ્ટ, સર્ફ, સાબુથી લઈને પેઈન્ટ-ટાયર સુધી, બધું જ મોંઘુ થઈ જશે, આનું કારણ શું છે?

### કંપનીઓને વિશ્વાસ છે કે કિંમતોમાં વધારો થવા છતાં, માંગમાં ઘટાડો થશે નહીં

બજાર નિષ્ણાતો માને છે કે ગ્રામીણ અને શહેરી બંને વિસ્તારોમાં ગ્રાહક માંગ સ્થિર રહે છે. રિટેલર્સ એસોસિએશન ઓફ ઈન્ડિયાના સર્વે મુજબ, જૂનમાં છૂટક વેચાણમાં ગયા વર્ષની સરખામણીમાં ૬ ટકાનો વધારો થયો છે, જે મે મહિનાની સરખામણીમાં સુધારો દર્શાવે છે. આ જ કારણ છે કે કંપનીઓને વિશ્વાસ છે કે ભાવ વધારાથી પણ વેચાણ પર ખાસ અસર પડશે નહીં. કંપનીઓ ભાવ વધારાની અસર અને નબળા ચોમાસા સાથે સંકળાયેલા જોખમો પર સતત નજર રાખી રહી છે.

### વધતા છૂટક ફુગાવાએ સામાન્ય લોકોને મુશ્કેલીમાં મુકી દીધા છે

દરમિયાન, ફુગાવો ચિંતાનો વિષય છે. જૂન મહિનામાં, ખાદ્યપદાર્થો અને ઈંધણના ભાવમાં વધારો થવાને કારણે રિટેલ ફુગાવો લગભગ એક વર્ષમાં પહેલી વાર ભારતીય રિઝર્વ બેંકના ૪ ટકાના લક્ષ્યાંકથી ઉપર ગયો. જોકે, તે છ્ઈંની ૨ થી ૬ ટકાની સહનશીલતા શ્રેણીમાં રહે છે. આર્થિક નિષ્ણાતો માને છે કે જો કંપનીઓ આગામી મહિનાઓમાં ભાવમાં વધારો કરવાનું ચાલુ રાખે અને ચોમાસુ નબળું રહે, તો ફુગાવાનું દબાણ વધુ વધી શકે છે. છ્ઈંનો અંદાજ છે કે માર્ચ ૨૦૨૭ માં પૂરા થતા નાણાકીય વર્ષમાં સરેરાશ ફુગાવાનો દર ૫.૧ ટકા રહી શકે છે.

નવી દિલ્હી તા. ૦૨

તહેવારોની મોસમ શરૂ થાય તે પહેલાં, સામાન્ય લોકોને મોંઘવારીનો વધુ એક ફટકો પડી શકે છે. કંપનીઓ ઘરગથ્થુ પેઈન્ટ, ટૂથપેસ્ટ, ડિટર્જન્ટ, ડીશવોશિંગ બાર, ટાયર અને અન્ય ઘણી દૈનિક આવશ્યક ચીજવસ્તુઓ પર ભાવ વધારવાની તૈયારી કરી રહી છે. દેશની અગ્રણી ૠઅઈૠ અને ગ્રાહક માલ કંપનીઓ સતત બીજા ક્વાર્ટરમાં ઉત્પાદનોના ભાવ વધારવાની યોજના બનાવી રહી છે.બ્લૂમબર્ગના અહેવાલ મુજબ, હિન્દુસ્તાન યુનિલિવર લિમિટેડ (ઈંઞક), એશિયન પેઈન્ટ્સ, હેવેલ્સ અને ડોડલા ડેરી સહિત ઓછામાં ઓછી આઠ મોટી કંપનીઓ ઉત્પાદનના ભાવ વધારવાની તૈયારી કરી રહી છે. આ મુખ્યત્વે પશ્ચિમ એશિયામાં ચાલી રહેલા તણાવને કારણે કાચા માલ, ઊર્જા અને અન્ય ચીજવસ્તુઓના ભાવમાં વધારો થવાને કારણે છે. આ વધેલા ખર્ચ હવે ગ્રાહકોના ખિસ્સા પર સીધી અસર કરશે. ભારતની સૌથી મોટી ૠઅઈૠ કંપની હિન્દુસ્તાન યુનિલિવરે સંકેત આપ્યો છે કે આગામી ક્વાર્ટરમાં ડિટર્જન્ટ અને ડીશવોશિંગ બાર જેવી શ્રેણીઓમાં ભાવ વધારો લાગુ કરવામાં આવશે. કંપનીના ઈઊઘ નિરંજન ગુપ્તાએ સમજાવ્યું કે ચાલુ વૈશ્વિક અસ્થિરતાને કારણે ક્રૂડ ઓઈલ ડેરિવેટિવ્ઝના ભાવમાં વધારો થયો છે, જેના કારણે હોમ કેર પ્રોડક્ટ્સના ભાવમાં ઈરાદાપૂર્વક વધારો કરવામાં આવી રહ્યો છે.ફક્ત ઈંઞક જ નહીં, ઘણી અન્ય કંપનીઓએ પણ ભાવ વધારવાનો નિર્ણય લીધો છે. હેવેલ્સ ઈન્ડિયાએ તેના કેટલાક ઉત્પાદનો પર ૮ ટકા સુધીનો ભાવ વધારો કર્યો છે. ટાટા કન્ઝ્યુમર પ્રોડક્ટ્સે ટાટા સોલ્ટના ભાવમાં આશરે ૭ ટકાનો વધારો કર્યો છે. ડોડલા ડેરી અને એશિયન પેઈન્ટ્સ જેવી કંપનીઓ પણ તેમના ઉત્પાદનોના ભાવ વધારવાની તૈયારી કરી રહી છે.

### કંપનીઓ પર વધતા દબાણની અસર ફક્ત સામાન્ય ગ્રાહક પર જ પડશે

વધતા ફુગાવાના દબાણને કારણે, સમિતિની બેઠકમાં વ્યાજ દરો સ્થિર રહેવાની અપેક્ષા છે. નાણા મંત્રાલયે એ પણ સંકેત આપ્યો છે કે ફુગાવો હવે ફક્ત ખાદ્ય ચીજો સુધી મર્યાદિત નથી; વૈશ્વિક ઈંધણ ખર્ચ અને હવામાન સંબંધિત જોખમો અન્ય ગ્રાહક ઉત્પાદનોને પણ અસર કરી રહ્યા છે. પરિણામે, કોર્પોરેટ નફા પર વધતા દબાણને જોતાં, ભાવમાં વધારો લગભગ નિશ્ચિત છે. કંપનીઓ માટે લાંબા સમય સુધી આ વધેલા ખર્ચને સહન કરવું મુશ્કેલ છે, અને તેનો બોજ સામાન્ય લોકો પર પડશે.

### ભાવ વધારાનું કારણઃ અમેરિકા અને ઈરાન વચ્ચે વધતો તણાવ

નિષ્ણાતો કહે છે કે અમેરિકા અને ઈરાન વચ્ચે વધતા તણાવને કારણે ઉર્જાના ભાવ ઊંચા રહ્યા છે. આનાથી પ્લાસ્ટિક, પેકેજિંગ, રસાયણો અને અન્ય કાચા માલના ખર્ચ પર પણ અસર પડી છે. પરિણામે, કંપનીઓ ઉત્પાદન ખર્ચ વધારી રહી છે, અને તેઓ આ વધારાના ખર્ચ ગ્રાહકો પર નાખવાની તૈયારી કરી રહી છે.આ ભાવ વધારો એવા સમયે કરવામાં આવ્યો છે જ્યારે રક્ષાબંધન, નવરાત્રી, દશેરા અને દિવાળી જેવા મુખ્ય તહેવારો નજીક આવી રહ્યા છે. ઓગસ્ટ અને નવેમ્બર વચ્ચેનો સમયગાળો સામાન્ય રીતે કંપનીઓ માટે પીક સેલ્સ સીઝન માનવામાં આવે છે, જે આ સમયગાળા દરમિયાન ઘણી કંપનીઓના વાર્ષિક વેચાણના લગભગ એક તૃતીયાંશ હિસ્સો ધરાવે છે. તેથી, કંપનીઓને આશા છે કે મજબૂત માંગ ગ્રાહકોને વધેલા ભાવો છતાં ખરીદી ચાલુ રાખવા માટે પ્રોત્સાહિત કરશે.

મિત્રો...નહીં હવે હાય ફ્રેન્ડ્સ!

# Gen-Z આંદોલન બાદ બદલાઈ PMની વાત કરવાની રીત!

નવી દિલ્હી, તા.૨

જંતર-મંતર પ્રદર્શન બાદ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ગુસ્સાને બદલે યુવાનો માટે માફી અને સુધારાનો સંદેશ આપ્યો. વડાપ્રધાન મોદી વિરુદ્ધ અભદ્ર નારા અને તેમની દિવંગત માતા અંગે આપત્તિજનક ભાષાવાળા વીડિયો સોશિયલ મીડિયા પર છવાયેલા રહ્યા. તેમ છતાં ડ્ખએ દરેક યુવા પ્રદર્શનકારીને દુશ્મન માનવાનો ઈનકાર કર્યો. તેમણે કહ્યું કે, ગેરમાર્ગે દોરાયેલા બાળકોને સજા આપવાને બદલે તેમને રસ્તો બતાવવો જોઈએ. આ સંદેશ આપવાની રીત પણ ખાસ રહી. લાંબા સમયથી ઉપયોગમાં લેવાતા 'મારા પ્રિય દેશવાસીઓ'ને બદલે ડ્ખએ કેમેરા સામે 'હાય ફ્રેન્ડ્સ' કહ્યું. આ ત્ર્યક્ષ-ણ અને ડિજિટલ પેઢી સાથે સીધા સંવાદની બદલાતી રણનીતિનો સંકેત છે.જંતર-મંતરના વિરોધ પ્રદર્શન બાદ વડાપ્રધાન નરેન્દ્ર મોદીનો જવાબ કદાચ રાજકારણ કરતાં વધુ તેમની વાત કરવાની રીત માટે યાદ કરવામાં આવશે. છેલ્લા ઘણા દિવસોથી વાતાવરણ ગરમ હતું. દિલ્હીના પ્રદર્શનને લઈને રાજકીય નિવેદનબાજી ઝડપી હતી. સોશિયલ મીડિયા પર વડાપ્રધાન વિરુદ્ધ અભદ્ર નારા ધરાવતા વીડિયો છવાયેલા હતા. તેમની દિવંગત માતા અંગે પણ આપત્તિજનક ભાષાવાળા વીડિયો સામે આવ્યા હતા. આવા વાતાવરણમાં સામાન્ય રાજકીય પ્રતિક્રિયા શું હોય? કડક નિવેદન, કાર્યવાહી કરવાની માગ અને વિરોધીઓ પર વળતો પ્રહાર, પરંતુ પીએમ મોદીએ આ વખતે અલગ રસ્તો પસંદ કર્યો હતો. તેમણે ગુસ્સાને બદલે માફીની વાત કરી હતી. તેમણે કહ્યું કે, પ્રદર્શનમાં સામેલ ઘણા યુવાનો ગેરમાર્ગે દોરાયેલા હોઈ શકે છે. તેમનાથી ભૂલ થઈ છે તો તેમને શીખવાની તક મળવી જોઈએ. આ સંદેશ સજાથી વધુ સુધારાની ભાષામાં હતો. આ જ કારણ છે કે જંતર-મંતરના પ્રદર્શન પર પીએમ મોદીની પ્રતિક્રિયાની ભાષા સૌથી વધુ ચર્ચામાં છે.પરંતુ આ સંદેશની વાત માત્ર માફી સુધી મર્યાદિત નથી. વડાપ્રધાને જે રીતે પોતાની વાત રજૂ કરી, તેમાં પણ એક મોટો સંકેત જોવા મળે છે. એક દાયકાથી વધુ સમયથી દેશને સંબોધતી વખતે 'મારા પ્રિય દેશવાસીઓ' કહેનારા પીએમ મોદી આ વખતે કેફમેરા સામે આવ્યા અને બોલ્યા- 'હાય ફ્રેન્ડ્સ.' બે શબ્દોનું આ અભિવાદન ઘણું અલગ હતું. ભાષા અનૌપચારિક હતી. વાત કરવાની રીત વાતચીત જેવી હતી. અને નિશાન સ્પષ્ટ રીતે એ ડિજિટલ પેઢી તરફ હતું, જે રાજકારણને ટીવી અને લાંબા ભાષણો કરતાં મોબાઇલ સ્ક્રીન પર વધુ જુએ છે. ઈન્સ્તા અને યુ-ટ્યુબના સમયમાં રાજકીય સંવાદ પણ બદલાઈ રહ્યો છે. આવી સ્થિતિમાં 'હાય ફ્રેન્ડ્સ' માત્ર અભિવાદન નથી, પરંતુ ત્ર્યક્ષ-ણ સુધી પહોંચતી નવી ભાષાનો સંકેત પણ માનવામાં આવી શકે છે.ભારતીય રાજકારણમાં ટકરાવનો જવાબ ઘણીવાર વધુ તીખા વળતા પ્રહારથી આપવામાં આવે છે, પરંતુ પીએમ મોદીએ આ મામલે અલગ રાજકીય ભાષા પસંદ કરી. તેમણે પ્રદર્શનકારીઓના એક વર્ગ દ્વારા ઉપયોગમાં લેવાયેલી ભાષાની નિંદા કરી હતી. સાથે જ તેમણે સમાજને દરેક યુવા પ્રદર્શનકારીને દુશ્મનની જેમ ન જોવાની અપીલ કરી હતી. વડાપ્રધાનના સંદેશનો સાર એ હતો કે બાળકો ભૂલો કરે છે. જો યુવાનો ગેરમાર્ગે દોરાયા છે તો તેમને રસ્તો બતાવવો સમાજની જવાબદારી છે. તેમનો તર્ક હતો કે દરેક ભૂલનો જવાબ માત્ર સજા ન હોઈ શકે. ઘણા કિસ્સાઓમાં સુધારો અને માર્ગદર્શન પણ જરૂરી છે.અહીં પીએમ મોદીએ ગેરમાર્ગે દોરાયેલા યુવાનો અને હિંસામાં સામેલ લોકો વચ્ચે અંતર કરવાનો પ્રયાસ કર્યો હતો. એટલે કે શાંતિપૂર્ણ વિરોધ અથવા ભૂલ કરનારા યુવાનોને સુધરવાની તક અને હિંસા કે ગુનાહિત પ્રવૃત્તિમાં સામેલ લોકો માટે કાયદાનો રસ્તો. આ જ તફાવત તેમના સંદેશને માત્ર 'માફી'ની અપીલથી આગળ લઈ જાય છે.વડાપ્રધાને પોતાના સંદેશને સમજાવવા માટે દાંત અને જીભનું ઉદાહરણ આપ્યું હતું. તેમણે કહ્યું કે, ક્યારેક દાંતની વચ્ચે આપણી જીભ આવી જાય છે. તેનાથી લોહી નીકળી શકે છે, પરંતુ આપણે દાંત તોડતા નથી. કારણ સ્પષ્ટ છે. દાંત પણ આપણા છે અને જીભ પણ આપણી છે. આ ઉદાહરણ દ્વારા પીએમ મોદીએ યુવાનો અને સમાજના સંબંધને સમજાવવાનો પ્રયાસ કર્યો હતો. તેમનો સંદેશ હતો કે બાળકો પણ આપણા છે. જો તેઓ ગેરમાર્ગે દોરાઈ ગયા છે તો તેમને રસ્તો બતાવવાનું આપણું કામ છે. તેમને સમાજથી અલગ કરી દેવા અથવા માત્ર સજા આપવાથી સમસ્યાનો સંપૂર્ણ ઉકેલ આવતો નથી. આ સંદેશમાં માફીને કાયદાના વિકલ્પ તરીકે રજૂ કરવામાં આવી નથી, પરંતુ યુવાનોની ભૂલ અને ગુનાહિત ઈરાદા વચ્ચે તફાવત કરવાની વાત સામે આવી છે.



# જર્જરિત મકાન ધરાશાયી થતા એકનું મોત

## બેડીપરામાં મોડી રાત્રે બનેલી ઘટનાથી આસપાસમાં નાસભાગ

રાજકોટ, તા.૨

રાજકોટના બેડીપરા વિસ્તારમાં શ્રમજીવી સોસાયટીમાં મોડી રાત્રે ભારે વરસાદમાં એક જર્જરિત મકાન ધરાશાયી થયું હતું. આ દુર્ઘટનામાં ૪૮ વર્ષીય અજય બેલદારનું કાટમાળ નીચે દટાઈ જવાથી કરુણ મોત નિપજ્યું હતું. ફાયર બ્રિગેડ અને ૧૦૮ની ટીમ ઘટનાસ્થળે પહોંચી હતી. તંત્રએ ચોમાસા પહેલાં જ આ મકાન ખાલી કરવા સૂચના આપી હતી.

હાલ કાટમાળ હટાવવાની કામગીરી ચાલુ છે.રાજકોટ: બેડીપરામાં મોડી રાત્રે જર્જરિત મકાન ધરાશાયી, કાટમાળ નીચે દબાતાં એક વ્યક્તિનું મોતરાજકોટના બેડીપરા વિસ્તારમાં આવેલી શ્રમજીવી સોસાયટીના રામજી મંદિર ચોક ખાતે મોડી રાત્રે એક મોટી દુર્ઘટના સર્જાઈ હતી. સતત પડી રહેલા વરસાદ વચ્ચે એક જર્જરિત મકાન અચાનક ધરાશાયી થતાં કટમાળ નીચે દબાવાથી એક વ્યક્તિનું કરૂણ મોત નીપજ્યું છે.



મળતી માહિતી અનુસા, રાજકોટમાં છેલ્લા બે દિવસથી સતત ધીમી ધારે વરસાદ વરસી રહ્યો છે, જે દરમિયાન મોડી રાત્રે શ્રમજીવી સોસાયટી સ્થિત જર્જરિત મકાન અચાનક ધડાકાભેર તૂટી પડ્યું હતું. મકાન ધરાશાયી થતાં જ તેમાં છેલ્લા ૪૦ વર્ષથી રહેતા ૪૮ વર્ષીય અજય બેલદાર કાટમાળ નીચે દટાઈ ગયા હતા.

ઘટનાની જાણ થતાં જ ફાયર બ્રિગેડ અને ૧૦૮ ઈમરજન્સી એમ્બ્યુલન્સ સહિતનો કાફલો તાત્કાલિક સ્થળ પર પહોંચી ગયો હતો. ફાયર વિભાગે ત્વરિત રેસ્ક્યૂ કામગીરી હાથ ધરી હતી, પરંતુ ગંભીર ઈજાઓને કારણે અજય બેલદારનું સ્થળ પર જ મોત નીપજ્યું હતું. ત્યારબાદ તંત્ર દ્વારા જેસીબી મશીન મંગાવીને પડેલા મકાનનો કાટમાળ હટાવવાની પ્રક્રિયા શરૂ કરવામાં આવી હતી.ઉલ્લેખનીય છે કે, ચોમાસાની શરૂઆત પહેલાં જ તંત્ર દ્વારા આ જર્જરિત મકાનમાં રહેતા લોકોને સલામતીના ભાગરૂપે મકાન ખાલી કરવા માટે સૂચના આપવામાં આવી હતી.

# મહિલા PSI પાસેથી ૫ લાખનો તોડ કરનાર બે PSI સસ્પેન્ડ

## જૂનાગઢ રેન્જ આઈજીની કાર્યવાહી : જ્યત્રક્ષ્ના ડ્જ્ઇં ડી.એમ. કાગડા અને ક્ઈઇના તત્કાલીન ડ્જ્ઇં એચ.એલ. જેબલિયાને કર્યા સસ્પેન્ડ




રાજકોટ, તા.૨

વેરાવળમાં ગીર સોમનાથના પ્રભાસ પાટણની રોયલ મેન્શન હોટેલમાં જુગાર રેડ દરમિયાન, એક મહિલા ડ્જ્ઇં પાસેથી પોલીસે ૫ લાખનો તોડ કર્યો હતો. આ ગંભીર બાબત સામે આવતા જૂનાગઢ રેન્જ આઈજીએ કડક કાર્યવાહી કરી જ્યત્રક્ષ્ના ડ્જ્ઇં ડી.એમ. કાગડા અને તત્કાલીન ક્ઈઇના ડ્જ્ઇં એચ.એલ. જેબલિયાને સસ્પેન્ડ કર્યા છે. વધુ તપાસ ચાલુ છે.

ગીર સોમનાથ જિલ્લાના પ્રભાસ પાટણ પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવેલી હોટેલ રોયલ મેન્શનમાં તાજેતરમાં પડેલી જુગારની રેડ સમયે મળી આવેલી એક મહિલા પીએસઆઈ પાસેથી પોલીસ દ્વારા જ પાંચ લાખ રૂપિયાનો તોડ કરવામાં આવ્યો હોવાની ગંભીર બાબત સામે આવતા જૂનાગઢ રેન્જ આઈજીએ કડક કાર્યવાહી કરીને બે પીએસઆઈને સસ્પેન્ડ કરી દીધા છે.

ગત ૨૦ જુલાઈની મધરાતે પ્રભાસ પાટણની હોટેલ રોયલ મેન્શનમાં એલસીબી દ્વારા દરોડો પાડવામાં આવ્યો હતો. આ રેડ દરમિયાન સાત શખ્સોને તીનપત્તી રમતા ઝડપી પાડી પોલીસે કુલ ૪.૭૩ લાખ રૂપિયાનો મુદ્દામાલ કબજે કરી ગુનો નોંધ્યો હતો. જો કે, આ રેડ વખતે સ્થળ પર એક મહિલા પીએસઆઈ પણ હાજર હોવા છતાં તેમને આરોપી તરીકે દર્શાવવામાં આવ્યા નહોતા. જે મહિલા પીએસઆઈ પાસેથી કેટલાક પોલીસ અધિકારીઓએ મળીને આશરે પાંચ લાખ રૂપિયાનો તોડ કર્યો હતો.

આ ઘટના બાદ એસપી જયદીપસિંહ જાડેજાએ અન્ય કારણો ધરીને મહિલા પીએસઆઈને સસ્પેન્ડ કરી દીધા હતા. એક તરફ પાંચ લાખ રૂપિયાનો તોડ થયો અને બીજી બાજુ સસ્પેન્શન પણ મળતા મહિલા પીએસઆઈએ જૂનાગઢ રેન્જ આઈજી રાજેન્દ્રસિંહ ચુડાસમા પાસે રૂબરૂ જઈને સમગ્ર મામલાની હકીકત રજૂ કરી હતી. જે ગંભીર આક્ષેપોને ધ્યાને લઈને રેન્જ આઈજીએ તાત્કાલિક ધોરણે ઉચ્ચ સ્તરીય તપાસના આદેશ આપ્યા હતા. પ્રાથમિક તપાસ દરમિયાન મહિલા પીએસઆઈના આક્ષેપો સાચા સાબિત થયા હતા અને પોલીસ અધિકારીઓની ગેરરીતિ સામે આવી હતી.

આ ગંભીર બેદરકારી અને અનિયમિતતા બદલ જૂનાગઢ રેન્જ આઈજી દ્વારા એસઓજીના પીએસઆઈ ડી.એમ. કાગડા અને તત્કાલીન એલસીબી તથા હાલ લીવ રિઝર્વમાં ફરજ બજાવતા પીએસઆઈ એચ.એલ. જેબલિયાને તાત્કાલિક અસરથી સસ્પેન્ડ કરી દેવામાં આવ્યા છે. હાલ આ સમગ્ર પ્રકરણ અંગે વધુ તપાસ ચાલુ છે અને આગામી દિવસોમાં વધુ કાયદેસરની વિભાગીય કાર્યવાહી હાથ ધરવામાં આવશે તેવું પોલીસ સૂત્રો દ્વારા જણાવવામાં આવ્યું છે.

# આજી-૨,ન્યારી-૨ ભરાવા લાગતા લોકો રહે સાવચેત

## લાલપરી ડેમ ભરાઈ જતા નીચાણવાળા વિસ્તારોના લોકો માટે હાઈ એલર્ટ

રાજકોટ, તા.૨

વરસાદથી પાણીની આવક વધતાં પડધરી તાલુકા પાસે આવેલો ન્યારી-૨ ડેમ ૭૦ ટકા ભરાઈ ગયો છે. આથી ડેમ પૂર્ણ સપાટીએ ભરાય કે ડેમમાં જળસ્તર જાળવી રાખવા માટે નદીમાં પાણી છોડવામાં આવે ત્યારે નદીના પટમાં કે કાંઠા વિસ્તારમાં અવરજવર ન કરવા સૂચના જારી કરવામાં આવી છે.આ સાથે પડધરી તાલુકાના ગોવિંદપર, ખામટા, રામપર, તરઘડી, વણપરી ગામ માટે ચેતવણી સંદેશ જારી કરવામાં આવ્યો છે.ડેમની પૂર્ણ જળસપાટી ૮૮.૫ મીટર છે. ડેમમાં હાલનું જળસ્તર ૮૭.૪૫ મીટર છે. ડેમમાં હાલ કુલ જળજથ્થો ૭.૮૬ ઘનમીટર છે. ડેમમાં નીરની આવક ૩૦૦ ક્યુસેક છે, અને જાવક ૦ છે, તેમ રાજકોટ ફ્લડ કંટ્રોલ સેલની યાદીમાં જણાવાયું છે.

વરસાદથી પાણીની આવક વધતાં રાજકોટ તાલુકાના આજી-૨ ડેમમાં જળસપાટી જાળવી રાખવા માટે ડેમના ૩ દરવાજા અગાઉ ૦.૦૭૬ મીટર ખોલેલા હતા. ત્યારબાદ આજે બપોરે ૨.૦૫ કલાકે તેમાં વધારો કરીને ૩ દરવાજા ૦.૧૫ મીટર ખોલવામાં આવ્યા છે.આ સાથે પડધરી તાલુકાના અડબાલકા, બાઘી, દહીંસરડા, ડુંગરકા, ગઢડા, હરીપર, ખંઢેરી, નારણકા, સખપર, ઉકરડા ગામના લોકોને તાત્કાલિક સલામત સ્થળે ખસી જવા ખાસ ચેતવણી સંદેશ જારી કરવામાં આવ્યો છે.ડેમની પૂર્ણ જળસપાટી ૭૩.૭૬ મીટર છે. ડેમમાં હાલનું જળસ્તર ૭૨.૫ મીટર છે. ડેમમાં નીરની આવક અને જાવક ૮૪૦ ક્યુસેક છે, તેમ રાજકોટ ફ્લડ કંટ્રોલ સેલની યાદીમાં જણાવાયું છે.



વરસાદથી પાણીની આવક વધતાં રાજકોટ તાલુકા પાસે આવેલો લાલપરી ડેમ ૧૦૦ ટકા ભરાઈ ગયો છે.ડેમ પૂર્ણ સપાટીએ ભરાય કે ડેમમાં જળસ્તર જાળવી રાખવા માટે નદીમાં પાણી છોડવામાં આવે ત્યારે નદીના પટમાં કે કાંઠા વિસ્તારમાં અવરજવર ન કરવા સૂચના જારી કરવામાં આવી છે.આ સાથે રાજકોટ તાલુકાના નવાગામ અને બેડી ગામના લોકો માટે ખાસ ચેતવણી સંદેશ જારી કરાયો છે.

ડેમની પૂર્ણ જળસપાટી અને હાલનું જળસ્તર ૧૩૭.૪૬ મીટર છે. ડેમમાં હાલ કુલ જળજથ્થો ૫.૧૧ ઘનમીટર છે. ડેમમાં નીરની આવક ૨૦૭ ક્યુસેક છે, અને જાવક ૦ છે, તેમ રાજકોટ ફ્લડ કંટ્રોલ સેલની યાદીમાં જણાવાયું છે. અતિવૃષ્ટિના કારણે ઓવરટોપિંગ થતાં રાજકોટ જિલ્લામાં ૩ રોડ વાહન વ્યવહાર માટે બંધ કરવાની ફરજ પડી છે. કોઝવે અને ડાઈવર્ઝન પર પાણીનો પ્રવાહ હોવાથી સુરક્ષાના કારણોસર વાહન વ્યવહાર અટકાવવામાં આવ્યો છે. રાજકોટ માર્ગ અને મકાન પંચાયત વિભાગના કાર્યપાલક ઈજનેરશ્રીની યાદીમાં જણાવ્યા પ્રમાણે, રાજકોટ તાલુકાના નેશનલ હાઈવેથી રામાપર બેટી પારેવડા રોડ પર ડાઈવર્ઝનમાં પાણી ઓવરટોપિંગ થવાને કારણે, આ માર્ગ બંધ થયો છે. જેની સામે વૈકલ્પિક વ્યવસ્થા તરીકે સ્ટેટ હાઈવેથી રફાળા જામગઢ પાંચડિયા બેડલા,ફાળદંગથી બેડલા રોડ તેમજ સ્ટેટ હાઈવેથી મઘરવાડા મેસવાડા બારવણ રોડનો ઉપયોગ કરવા જણાવાયું છે.

જ્યારે જસદણ તાલુકામાં પણ બે રસ્તા બંધ કરવામાં આવ્યા છે. જેમાં જસાપર જીવાપર રોડ બંધ થતાં જસાપર પાંચવડા રોડને વૈકલ્પિક રૂટ તરીકે શરૂ કરાયો છે. તેમજ સાણથલી ઈશ્વરીયા રોડ પર પણ કોઝવે ઓવરટોપિંગ થવાના કારણે બંધ થતાં ઈશ્વરીયા કાનપર રોડ અને ઈશ્વરીયા એપ્રોચ રોડ વૈકલ્પિક રૂટ તરીકે શરૂ રાખવામાં આવ્યો છે. તમામ બંધ રસ્તાઓ આવતીકાલ સુધીમાં શરૂ કરી દેવાની તૈયારીઓ સાથે કામ ચાલી રહ્યું છે.

રાજકોટ મિરર — તંત્રીની કલમે

# નશા વિરુદ્ધ જંગનો નશો

## નશા મુક્તિ અભિયાનો ખૂબ ચાલે છે, નશાનો વ્યાપ વધે છે



દેશના યુવા ધનને નશાના ભયાનક દૂષણથી બચાવવાના શુભ આશય સાથે વડાપ્રધાને રાષ્ટ્રીય સ્તરના નશા મુક્ત યુવા અભિયાનનો પ્રારંભ કર્યો છે. સરકાર ઉપરાંત અનેક સામાજિક અને ધાર્મિક સંસ્થાઓ પણ નશા વિરુદ્ધ મોટા ઉપાડે ઝુંબેશ ચલાવી રહી છે. પરંતુ કડવી વાસ્તવિકતા એ છે કે આવા અભિયાનોની સંખ્યા વધવા છતાં સમાજમાં નશાનો વ્યાપ ઘટવાને બદલે સતત વધી રહ્યો છે. આજે પરિસ્થિતિ એવી સર્જાઈ છે કે નશા નાબૂદી કરતા નશા વિરુદ્ધ અભિયાન ચલાવવાનો નશો લોકો અને સંસ્થાઓમાં વધુ જોવા મળી રહ્યો છે.

સમૃદ્ધ અને પ્રગતિશીલ ગણાતું ગુજરાત પણ આજે નશાની ગંભીર ગિરફ્તમાં સપડાયું છે. ગાંધીના ગુજરાતમાં દારૂબંધીનો કાયદો કાગળ પર અસ્તિત્વ ધરાવે છે, છતાં ગેરકાયદેસર દારૂનો વેપાર અને વપરાશ બેફામ ચાલી રહ્યો છે. એક તરફ સરકાર નશા મુક્તિ કેન્દ્રો ચલાવવાનો દાવો કરે છે, તો બીજી તરફ વહીવટી તંત્રની છૂપી મીઠી નજર હેઠળ નશાના કારોબારનો દરિયો ઘૂઘવી રહ્યો છે.

નશા મુક્તિના નામે મંચ પરથી મોટી વાતો કરતી સંસ્થાઓ અને નેતાઓ ખુલ્લેઆમ ચાલતા ગેરકાયદેસર અડ્ડાઓ સામે એક શબ્દ પણ બોલવાની હિંમત દાખવતા નથી. જો આ તમામ સંસ્થાઓ અને નાગરિકો એકજૂથ થઈને નશાના અડ્ડાઓ અને તેને પ્રોત્સાહન આપતી વ્યવસ્થા સામે સીધો જંગ આદરે, તો આવા અડ્ડા આપોઆપ બંધ થઈ જાય અને નશાનું પ્રમાણ ઘટી જાય. પરંતુ વિરોધ નોંધાવવાને બદલે માત્ર દેખાડા જેવા ગતકડાં જ ચાલ્યા કરે છે.

વડાપ્રધાન દ્વારા શરૂ કરાયેલા આ રાષ્ટ્રીય અભિયાનથી દેશમાં એક નવી આશાનો સંચાર થયો છે. પરંતુ આ અભિયાન ત્યારે જ સાર્થક બનશે જ્યારે ગુજરાત સહિતના રાજ્યોમાં શાસકો અને તંત્ર સામે કડક વલણ અપનાવવામાં આવે. નશાના ગેરકાયદેસર કારોબારને ડામવા માટે રાજકીય ઈચ્છાશક્તિ દાખવીને કાયદાનું સખત પાલન કરાવવું અત્યંત જરૂરી છે. જો વડાપ્રધાન કડક આદેશ આપીને નિર્ણાયક પગલાં ભરાવશે, તો જ આ અભિયાન માત્ર એક સરકારી કાર્યક્રમ બની રહેવાને બદલે સાચા અર્થમાં દેશને નશા મુક્ત બનાવવામાં સફળ નીવડશે.

# લોકોનો અવાજ દબાવવા તમામ કાયદાનો ઉપયોગ

## ગોવામાં દિલ્હી હાઈકોર્ટના પૂર્વ મુખ્ય ન્યાયાધીશ એ.પી. શાહે દેશની વર્તમાન સ્થિતિ પર વ્યક્ત કરી ચિંતા

નવી દિલ્હી, તા.૨

દિલ્હીમાં સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશ ઉજ્જલ ભુયાને જજોની પસંદગી પ્રક્રિયા પર સવાલો ઉઠાવ્યા છે. તેમણે કોલેજિયમની કામગીરીમાં પારદર્શિતાની માંગ કરી. ગોવામાં દિલ્હી હાઈકોર્ટના પૂર્વ મુખ્ય ન્યાયાધીશ એ.પી. શાહે દેશની વર્તમાન સ્થિતિ પર ચિંતા વ્યક્ત કરી. તેમણે કહ્યું કે યુવાનો નેતાનું રાજીનામુ માગે તો તેમના પર લાઠીઓ વરસાવી કેસ કરાય છે.



સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશ ઉજ્જલ ભુયાને જજોની પસંદગી, ટ્રાન્સફર વગેરે નિર્ણયો લેતી કોલેજિયમની કામગીરી પર સવાલો ઉઠાવ્યા હતા. જ્યારે દિલ્હી હાઇકોર્ટના પૂર્વ મુખ્ય ન્યાયાધીશ એપી શાહે દેશની વર્તમાન સ્થિતિ અંગે ચિંતા વ્યક્ત કરી હતી અને કહ્યું હતું કે એક્ટિવિસ્ટ અને અસહમત લોકોનો અવાજ દબાવવા માટે તમામ પ્રકારના કાયદાઓનો ઉપયોગ થઇ રહ્યો છે. જો દેશના યુવાનો કોઇ રાજનેતાનું રાજીનામુ માગે તો તેને લાકડીઓ ખાવી પડી રહી છે એટલુ જ નહીં તેની સાથે કેસ પણ કરી દેવાય છે.

ગોવા હાઇકોર્ટ બાર એસોસિએશનની એક લેક્ચર સીરીઝમાં દિલ્હી હાઇકોર્ટના પૂર્વ મુખ્ય ન્યાયાધીશ એપી શાહે આ ટિપ્પણી કરી હતી, તેમણે કહ્યું હતું કે બોલવાની સ્વતંત્રતા લોકશાહીના પાયા સાથે જોડાયેલી છે. રાજકીય ચર્ચાથી લોકોને જાણકારી મળે છે, ટિકાઓનો સામનો કરવાનો સૌથી મોટો ઉપાય લોકો સાથે વાતચીત કરવાનો છે. લોકોના સવાલોનો જવાબ આપવાનો છે. પરંતુ લાગી રહ્યું છે કે આપણા દેશના સત્તાધીશો આ વાત ભુલી ગયા છે. દુઃખદ બાબત છે કે આજે એક્ટિવિસ્ટ, અસહમતિ રાખનારા તેમજ રાજકીય કાર્ટૂનિસ્ટોને ચુપ કરાવવા કે પરેશાન કરવા અનેક પ્રકારના કાયદાઓનો ઉપયોગ કરાઇ રહ્યો છે. યુવાનો કોઇ નેતાનું રાજીનામુ માગે તો તેને લાઠીઓ પડી રહી છે. કેસો કરી દેવાય છે.

જ્યારે દિલ્હીમાં એક સંસ્થાની ન્યાયિક પારદર્શિતા ઈન્ડેક્સ રિપોર્ટના લોન્ચિંગ સમયે સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશ ઉજ્જલ ભુયાને કહ્યું હતું કે જો કોઇ જજની પસંદગી કોઇ પદ માટે કરવામાં ના આવે તો તે નિર્ણય પાછળનું કારણ ના જણાવવું અન્યાય છે. કોલેજિયમ જજોની નિમણુંક, પ્રમોશન, ટ્રાન્સફર વગેરેની ભલામણો કરતી હોય છે. આ તમામ નિર્ણયો પાછળના ચોક્કસ કારણો પણ લોકો માટે જાહેર થવા જોઇએ. લોકોને પોતાના જજો કોણ છે તે જાણવાનો અધિકાર છે, જજો કેવા પ્રકારના ચુકાદા આપે છે તે જાણવાનો તેમને અધિકાર છે. કોર્ટમાં શું ચાલી રહ્યું છે તે જાણવાનો તેમને અધિકાર છે. આ તમામ માહિતી જાહેર જનતા માટે ઉપલબ્ધ હોવી જોઇએ. સાવ એવુ પણ નથી કે તમામ નિર્ણયો ગુપ્ત રખાય છે, પૂર્વ મુખ્ય ન્યાયાધીશ યુયુ લલિત અંગે લેવાયેલા નિર્ણયોની વિગતવાર માહિતી અપાઇ હતી. ક્યારેક એવુ પણ બને છે કે એવા વ્યક્તિ જજ બની જાય છે કે જે બાદમાં લોકોને કીડી સાથે સરખાવવા જેવા ગેરબંધારણીય નિવેદનો આપે છે.

નોંધનીય છે કે આ કીડી વાળી ટિપ્પણી હાઇકોર્ટના એક પૂર્વ જજ દ્વારા એક કાર્યક્રમમાં અપાઇ હતી જેમાં તેમણે એક ચોક્કસ ધર્મના લોકોને લઇને નિવેદન આપ્યું હતું જેથી વિવાદ પણ થયો હતો. આ ટિપ્પણીનો ઉલ્લેખ કરીને ન્યાયાધીશ ભુયાને કોલેજિયમ દ્વારા થતી પસંદગી પ્રક્રિયા પર સવાલો ઉઠાવ્યા હતા.

# વિદ્યાર્થી તરીકે નવું શીખવા મળતું હોવાનો દાવો

## રાહુલ ગાંધીએ જેન-ઝી સ્ટાઈલમાં પાઠવી ફ્રેન્ડશિપ ડેની શુભેચ્છા

નવી દિલ્હી, તા.૨

લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધીએ 'ફ્રેન્ડશિપ ડે' પર 'જેન-ઝી' સ્ટાઈલમાં શુભેચ્છા પાઠવી. તેમણે કોરિયન 'ફિંગર હાર્ટ' ઈમોજીનો ઉપયોગ કરી ઈન્સ્ટાગ્રામ પર જણાવ્યું કે, તેમને હમણાં જ તેનો અર્થ સમજાયો છે. રાહુલ ગાંધી યુવાનો સાથે જોડાવા માટે સતત પ્રયાસો કરી રહ્યા છે અને વિદ્યાર્થીઓના પ્રશ્નો જેવા કે પેપર લીક અને બેરોજગારી પર ભાર મૂકી રહ્યા છે.



લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધીએ રવિવારે 'ફ્રેન્ડશિપ ડે' પર લોકોને 'જેન-ઝી' (ત્રુચ્યક્ષણ) સ્ટાઈલમાં શુભેચ્છા પાઠવી છે. તેમણે પ્રખ્યાત કોરિયન 'ફિંગર હાર્ટ' ઈમોજીનો ઉપયોગ કર્યો હતો અને રમુજી અંદાજમાં કહ્યું કે, તેમને હમણાં જ તેનો અર્થ ખબર પડ્યો છે.

ઈન્સ્ટાગ્રામ પર એક ફોટો શેર કરતાં રાહુલ ગાંધીએ લખ્યું, 'હજુ પણ એક સ્ટુડન્ટ છું, દરરોજ કંઈક નવું શીખી રહ્યો છું. આજનો પાઠ : આજે ફ્રેન્ડશિપ ડે છે અને આ 'ફિંગર હાર્ટ' એક દિલ છે. દરેકને ફ્રેન્ડશિપ ડેની શુભેચ્છાઓ. ખૂબ બધો પ્રેમ!' કોંગ્રેસ સાંસદ રાહુલ ગાંધી સોશિયલ મીડિયા, અનૌપચારિક વાતચીત અને યુવાનો પર કેન્દ્રિત ઝુંબેશ દ્વારા સતત યુવા પેઢી સાથે જોડાવાનો પ્રયાસ કરી રહ્યા છે.

છેલ્લા કેટલાક મહિનાઓમાં તેમણે અનેક વખત વિદ્યાર્થીઓને સંબોધિત કર્યા છે, જેમાં પેપર લીક અને બેરોજગારી જેવા મુદ્દાઓ પર ચર્ચા કરી છે. આ સાથે જ તેમણે અનેક ભાષણો અને સોશિયલ મીડિયા પોસ્ટ્સમાં 'જેન-ઝી'નો ઉલ્લેખ કર્યો છે.કોંગ્રેસ નેતાએ ભારત અને વિદેશના વિદ્યાર્થીઓ સાથે મુલાકાત કરી છે તથા કારકિર્દી, શિક્ષણ અને લોકશાહી અંગેની વાતચીતના વિડીયો પણ શેર કર્યા છે. દેશવ્યાપી 'છત્રા કી ગુંજ' ઝુંબેશ દરમિયાન તેમણે યુવાનોને પરીક્ષાઓમાં ગડબડ અને નોકરીની ભરતીને લગતી સમસ્યાઓ સામે અવાજ ઉઠાવવા આહ્વાન કર્યું હતું. હાલમાં જ રાહુલ ગાંધીએ ચૂંટણી મુદ્દાઓ પર સોશિયલ મીડિયા દ્વારા સીધી જેન-ઝીને અપીલ કરતાં કહ્યું હતું કે, યુવાનો બંધારણનું રક્ષણ કરશે, લોકશાહી બચાવશે અને મતની ચોરી રોકશે. એક અન્ય પોસ્ટમાં તેમણે યુવાનોને સલાહ આપી હતી કે, જીવનમાં કંઈપણ સીધું કે એકસરખું નથી હોતું, તેથી તેમણે મુશ્કેલીઓ સામે અડીખમ રહેવું જોઈએ.'ફિંગર હાર્ટ' એક લોકપ્રિય જેસ્ચર છે જેની શરૂઆત દક્ષિણ કોરિયામાં થઈ હતી. ઊં-પોપ, ઊં-ડ્રામા અને સોશિયલ મીડિયાના માધ્યમથી તે ગ્લોબલ ઈન્ટરનેટ ટ્રેન્ડ બની ગયું છે. આ ચિહ્ન અંગૂઠા અને પહેલી આંગળીને એકબીજા પર ક્રોસ કરીને બનાવવામાં આવે છે, જેથી તે એક નાનકડા દિલ જેવું દેખાય છે.

# પુતિને યુક્રેન પર કર્યો મહાવિનાશક હુમલો

નવી દિલ્હી, તા.૨

યુક્રેનના રાષ્ટ્રપતિ ઝેલેન્સ્કીએ જણાવ્યું કે, રશિયાએ એક અઠવાડિયામાં ૧૬ વિસ્તારો પર ૧૯૦૦ ડ્રોન, ૧૬૦૦ બોમ્બ, ૧૪૪ મિસાઈલથી હુમલા કર્યા. સુમી, ખારકીવ, ઓડેસા સહિત ૧૫૦૦થી વધુ સ્થળો ધ્વસ્ત થયા. હજારો પરિવારો બેઘર બન્યા. રશિયાની સ્પીડ મિસાઈલોને રોકવી યુક્રેન માટે મુશ્કેલ છે. ઝેલેન્સ્કીએ પશ્ચિમી દેશો પાસે તાત્કાલિક એન્ટી-બેલિસ્ટિક મિસાઈલો અને એર ડિફેન્સ સિસ્ટમની મદદ માંગી છે.રશિયા અને યુક્રેન વચ્ચેનું યુદ્ધ હવે વધુ ભયાનક અને વિનાશક રૂપ ધારણ કરી રહ્યું છે. યુક્રેનના રાષ્ટ્રપ્રમુખ વલોદિમિર ઝેલેન્સ્કીએ ખુલાસો કર્યો છે કે, રશિયાએ માત્ર એક અઠવાડિયાના ટૂંકા ગાળામાં યુક્રેનના ૧૬ જેટલા અલગ-અલગ વિસ્તારો પર ભારે હવાઈ હુમલા કર્યા છે. રશિયાએ આ હુમલાઓમાં લગભગ ૧૯૦૦ ડ્રોન, ૧૬૦૦ હવાઈ બોમ્બ અને ૧૪૪ મિસાઈલોનો ઉપયોગ કરીને ચોતરફ વિનાશ મચાવ્યો છે.આ ભયાનક આકાશી હુમલાઓમાં ૧૫૦૦થી વધુ સ્થળોને ભારે નુકસાન પહોંચ્યું છે, જેમાં સેંકડો સામાન્ય લોકોના રહેણાંક મકાનો પણ સામેલ છે. સુમી, ખારકીવ, ઓડેસા, જાપોરિઝ્ઝ્યા અને પ્રોવરી જેવા મુખ્ય શહેરોને ટાર્ગેટ કરાયા છે. લ્વીવ શહેરમાંથી સામે આવેલા આકાશી દ્રશ્યોમાં આખો એપાર્ટમેન્ટ કોમ્પ્લેક્સ જમીનદોસ્ત થયેલો દેખાય છે. તબાહીના કારણે હજારો પરિવારો પોતાના ઘર ગુમાવીને રોડ પર આવી ગયા છે, જ્યારે ઈમરજન્સી ટીમો મલબામાંથી લોકોને બહાર કાઢવા રાત-દિવસ કામ કરી રહી છે.યુક્રેન પાસે રહેલી એર ડિફેન્સ સિસ્ટમ મોટાભાગના રશિયન ડ્રોનને હવામાં જ તોડી પાડવામાં સફળ રહે છે, પરંતુ સ્પીડમાં આવતી બેલિસ્ટિક મિસાઈલોને રોકવી તેમના માટે મુશ્કેલ બની રહ્યું છે. રશિયા એકસાથે મોટી સંખ્યામાં ડ્રોન અને મિસાઈલો છોડીને યુક્રેનની સુરક્ષા સિસ્ટમને ઓવરલોડ કરી રહ્યું છે. શહેરોમાં સતત હુમલાના કારણે વીજળી, પાણી અને સંદેશાવ્યવહારની સેવાઓ ખોરવાઈ ગઈ છે, જેનાથી સામાન્ય નાગરિકોનું જીવન અત્યંત કષ્ટદાયક બની ગયું છે.પરિસ્થિતિની ગંભીરતાને જોતા રાષ્ટ્રપ્રમુખ ઝેલેન્સ્કીએ



૧૯૦૦ ડ્રોન, ૧૬૦૦ બોમ્બ, ૧૪૪ મિસાઈલ ઝીંક્યા

પશ્ચિમી દેશો પાસે તાત્કાલિક મદદ માગી છે. તેમણે અપીલ કરી છે કે મિત્ર દેશો પોતાના ગોડાઉનમાં મિસાઈલો રાખી મૂકવાને બદલે યુક્રેનને એન્ટી-બેલિસ્ટિક મિસાઈલો અને એર ડિફેન્સ સિસ્ટમ જલ્દીથી પૂરી પાડે. આ ઉપરાંત, તેમણે રશિયાની જે કંપનીઓ બોમ્બ અને મિસાઈલના સ્પેરપાર્ટ્સ બનાવે છે તેના પર વધુ કડક આંતરરાષ્ટ્રીય પ્રતિબંધો લાદવાની માંગ પણ કરી છે.ભારત અને અફઘાનિસ્તાનના વધતા સંબંધોથી પાકિસ્તાન ફરી અકળાયું છે. પાકિસ્તાની સેનાના પ્રવક્તા લેફ્ટનન્ટ જનરલ અહમદ શરીફ ચૌધરીએ પ્રેસ કોન્ફરન્સમાં વિવાદાસ્પદ નિવેદન આપ્યું. તેમણે અફઘાનિસ્તાનના મંત્રીના ઉગઅ એક હોવાના નિવેદન પર ધાર્મિક સંદર્ભોનો ઉપયોગ કરી ભારત-તાલિબાન સંબંધને 'માલિક-ગુલામ' ગણાવ્યો. પાકિસ્તાન આંતરિક સંકટથી ધ્યાન હટાવવા આવા નિવેદનો કરી રહ્યું છે.ભારત અને અફઘાનિસ્તાનના મજબૂત થઈ રહેલા સંબંધોને જોઈને પાકિસ્તાન ફરી એકવાર અકળાઈ ગયું છે. પાકિસ્તાની સેનાના પ્રવક્તા લેફ્ટનન્ટ જનરલ અહમદ શરીફ ચૌધરીએ એક પ્રેસ કોન્ફરન્સમાં અત્યંત વિવાદાસ્પદ નિવેદન આપ્યું છે. તેમણે બંને દેશો વચ્ચેની નિકટતા પર સવાલો ઉઠાવતા ધાર્મિક સંદર્ભોનો ઉપયોગ કર્યો છે.

## શબ્દ બ્રહ્મ

### સદગુરૂ કૃપા હી કેવલમ્...

# ચિંતનની ક્ષણે

## કર્ણ અર્જુન જેવો જ ધનુર્ધર હતો, એટલે જ એને છળથી મારવામાં આવ્યો!



હે ઈશ્વર.

આપનાં શ્રીચરણોમાં મારાં સહ પરિવાર સાદર સાષ્ટાંગ પ્રેમ પ્રણામ. હિન્દુ સનાતન સંસ્કૃતિ મુજબ ધર્મ રુપી બળદનાં ચાર ચરણો, એટલે કે તપ, શૌચ,( પવિત્રતા) દયા અને સત્ય બતાવ્યાં છે, પણ કળિયુગમાં પ્રથમ ત્રણ બહું અનુસરી શકાતાં નથી! અને સત્ય એટલે કે સદાચાર પણ એટલું આચરી શકાય નહીં, એટલે ભાગવત અનુસાર કળિયુગમાં દાનને જ મુખ્ય ધર્મ કહ્યો છે. સતયુગ, ત્રેતા, અને દ્વાપરમાં પણ દાનનો મહિમા હતો જ, પણ કળિયુગમાં વિશેષ મહત્વ છે! અને આપણે જાણીએ છીએ કે અધર્મે જ્યારે માજા મુકી છે, ત્યારે બીજું કંઈ થાય કે ન થાય, પણ દાન ખૂબ થાય છે! ભલે એનાં કારણો કદાચ જુદાં જુદાં હોઈ શકે! એટલે કે દરેક દાન પાછળ સંવેદના હોતી નથી, ક્યારેક સ્વર્ગ નર્ક અને પાપનો ડર પણ હોય છે, તો ક્યારેક ટેક્સથી બચવા પણ દાન કરે છે, પરંતુ વધતી જતી વસ્તી અને ગરીબી દૂર કરવાં કોઈ ને કોઈ રીતે સામાજિક દાયિત્વ નિભાવવા દાન કરવું એ મહત્વપૂર્ણ છે. સમાજમાં આજે કેટલી કેટલીય એનજીઓ સામાજિક દાયિત્વ માટે ચાલે છે, અને જો એને દાન મળે નહીં તો એ કેમ ચાલે? હાં એક વાત જુદી છે કે, પોતાનાને રાખે કે ન રાખે, પણ ક્યારેક સ્ટેટ્સ માટે પણ દાન કરતાં હોય છે! આજે સોમવાર એટલે ચરિત્રની ઓળખ અને મહાભારતનું એક મહત્વનું પાત્ર એટલે કર્ણ, કે જેની આગળ દાનેશ્વરીનું વિશેષણ લાગે છે ! એનાં વિશે આપણે વાત કરીશું.

મહાભારતમાં કર્ણ એક એવું પાત્ર છે, જેને જોતાં આપણને લાગે કે અર્જુન જેવો જ ધનુર્ધર હોવા છતાં, એને ખૂબ અન્યાય થયો છે! કર્ણ અધિરથ અને રાધાનાં પાલક પુત્ર તરીકે ઓળખાય છે, આ ઉપરાંત દાસીપુત્ર, રાધેય કે અંગરાજનાં નામથી ઓળખાય છે. પરંતુ એ કુંતીનો પુત્ર છે, કુંતી જ્યારે કુંવારી હતી, ત્યારે એમણે સૂર્ય દેવને પુત્ર માટે આહવાન કર્યું અને એનો જન્મ થયો, પરંતુ કુંવારી માતાને હંમેશાં સમાજમાં બદનામીનો ડર લાગે છે, એમ કુંતીને પણ લાગ્યો! અને એમણે નવજાત શિશુને એક પેટીમાં મુકી નદીમાં વહાવી દીધો! અને એ પુત્રને અધિરથ અને રાધાએ ઉછેર્યો! એટલે કે રાજ મહેલમાં જેનો ઉછેર થવો જોઈએ, એ સામાન્ય ઘરમાં ઉછર્યો! કર્ણનાં દેખાવ વિશે કહેવું હોય, તો એ સુવર્ણના તાડ જેવો ઊંચો, સિંહ જેવો પ્રતિભાશાળી, દાનવીર, પરાક્રમી અને તેજસ્વી હતો. તે મહાન દાતા તરીકે જાણીતો હતો, અને તે દરરોજ સવારે દાન આપતો.

કર્ણ અને પરશુરામ વચ્ચે ગુરુ અને શિષ્યનો સંબંધ હતો. કર્ણ મહાન યોદ્ધા બનવાં માંગતો હતો, પરંતુ પરશુરામ માત્ર બ્રાહ્મણોને જ શસ્ત્ર વિદ્યા શીખવતા હતા, તેથી કર્ણે પોતાની સાચી ઓળખ છુપાવી બ્રાહ્મણ હોવાનું જૂઠું બોલીને પ્રવેશ મેળવ્યો હતો. પરશુરામજીએ કર્ણને તમામ દિવ્ય અસ્ત્ર-શસ્ત્રનું જ્ઞાન આપ્યું. પરંતુ એક દિવસ પરશુરામજી જંગલમાં કર્ણનાં ખોળામાં માથું રાખીને સૂતાં હતાં, ત્યારે એક ભ્રમર જેવા કીડાએ કર્ણનાં સાથળમાં ડંખ મારવાનું અને લોહી ચૂસવાનું શરૂ કર્યું, પણ ગુરુની ઊંઘ બગડે નહીં, તે માટે કર્ણે આ અસહ્ય પીડા ચૂપચાપ સહન કરી લીધી, અને જરાય હલ્યો નહીં. પરશુરામજી જ્યારે જાગ્યાં અને જોયું કે કર્ણનો સાથળ લોહીલુહાણ છે. તેઓ સમજી ગયાં કે આટલી ભયંકર પીડા કોઈ બ્રાહ્મણ નહીં પણ ક્ષત્રિય જ સહન કરી શકે. સત્ય બહાર આવતાં ગુસ્સે ભરાયેલાં પરશુરામે કર્ણને શાપ આપ્યો, કે જ્યારે તને સૌથી વધુ જરૂર હશે, ત્યારે તું આ બધી વિદ્યા ભૂલી જઈશ, પરંતુ વિજયી નામનું ધનુષ્ય ભેટ આપ્યું, અને કહ્યું કે આ ધનુષ તારાં હાથમાં હશે ત્યાં સુધી તને કોઈ હરાવી નહીં શકે.

મૂળ વ્યાસ મહાભારતમાં કર્ણની પત્નીઓના નામનો સીધો ઉલ્લેખ નથી, પરંતુ સ્ત્રી પર્વમાં તેની એક પત્નીનો ઉલ્લેખ છે, જે યુદ્ધ ભૂમિ પર પોતાનાં પુત્રો માટે વિલાપ કરે છે. પ્રાદેશિક ગ્રંથો અને આધુનિક સાહિત્ય જેમ કે શિવાજી સાવંતની પ્રખ્યાત નવલકથા મૃત્યુંજય મુજબ કર્ણની મુખ્યત્વે બે પત્નીઓ હતી. કેટલાંક દક્ષિણ ભારતીય નાટકો અને પુસ્તકોમાં કર્ણની પત્ની તરીકે ઉરુવી અથવા પદ્માવતી નામની ક્ષત્રિય રાજકુમારીનો પણ ઉલ્લેખ જોવા મળે છે. વૃષાલી કર્ણની પ્રથમ પત્ની કે જે દુર્યોધનનાં સારથિ સત્યસેનની પુત્રી હતી. વૃષાલી સુશીલ અને ધૈર્યવાન હતી, તે પતિનાં સદગુણને ઓળખતી હતી, પરંતુ દુર્યોધન પ્રત્યેની તેની વફાદારી સામે તેણે કર્ણને ચેતવ્યો હતો. કર્ણનાં મૃત્યુ પછી તે સતી થઈ હોવાનું માનવામાં આવે છે. સુપ્રિયા કર્ણની બીજી પત્ની હતી, અને એ દુર્યોધનની પત્ની ભાનુમતીની દાસી હતી. જ્યારે દુર્યોધને કલિંગની રાજકુમારી ભાનુમતીનું હરણ કર્યું, ત્યારે કર્ણે તેને મદદ કરી હતી. ત્યારબાદ, ભાનુમતીનાં લગ્ન દુર્યોધન સાથે અને સુપ્રિયાનાં લગ્ન કર્ણ સાથે થયાં હતાં. મહાભારતમાં કર્ણનાં નવ પુત્રનો ઉલ્લેખ મળે છે જેમાં વૃષસેન, શુષેણ, સત્યકામ, વૃષકેતુ,ચિત્રસેન,બાનસેન દ્વિપત, પ્રસેન,શત્રુંજય નામ છે.

ઓગષ્ટના પ્રથમ રવિવારે આપણે ફ્રેન્ડશિપ ડે એટલે મિત્રતા દિવસ ઉજવીએ છીએ! મહાભારતમાં કર્ણ અને દુર્યોધનની મિત્રતા ઈતિહાસમાં અતૂટ માનવામાં આવે છે. આ મિત્રતાની શરૂઆત હસ્તિનાપુરમાં આચાર્ય દ્રોણે રાખેલી રંગભૂમિની સ્પર્ધા દરમિયાન થઈ હતી. ગુરુ દ્રોણાચાર્યે જ્યારે અર્જુનને વિશ્વનો સર્વશ્રેષ્ઠ ધનુર્ધર જાહેર કર્યો, ત્યારે કર્ણએ અણધારી રીતે રંગભૂમિમાં પ્રવેશ કર્યો, અને અર્જુન જેવાં જ પરાક્રમો કરી બતાવ્યાં. ત્યાર બાદ તેણે અર્જુનને દ્વંદ્વયુદ્ધ યુદ્ધનો સામનો કરવા માટે પડકાર્યો. પરંતુ જ્યારે અર્જુન કર્ણ સાથે લડવા તૈયાર થયો, ત્યારે કૃપાચાર્ય અને ભીષ્મએ નિયમ જણાવ્યો કે રાજકુમાર માત્ર રાજકુમાર અથવા રાજા સાથે જ દ્વંદ્વયુદ્ધ રમી શકે. તેમણે કર્ણને તેના કુળ અને પિતાનું નામ પૂછ્યું. કર્ણ સૂતપુત્ર હોવાથી રંગભૂમિમાં તેનું ભારે અપમાન થયું,અને પાંડવોએ તેની મજાક ઉડાવી. દુર્યોધન પાંડવો અને ખાસ કરીને અર્જુનની તાકાતથી ઈર્ષ્યા કરતો હતો. તેણે જોયું કે કર્ણ એકમાત્ર એવો યોદ્ધા છે ,જે અર્જુનને હરાવી શકે છે. કર્ણનું અપમાન થતું જોઈ દુર્યોધને તુરંત જ સભા વચ્ચે જાહેરાત કરી કે, ''જો નિયમ મુજબ રાજા હોવું જરૂરી છે, તો હું હમણાં જ કર્ણને અંગ દેશનો રાજા જાહેર કરું છું. દુર્યોધને ત્યાં જ બ્રાહ્મણોને બોલાવી કર્ણનો રાજ્યાભિષેક કર્યો અને તેને 'અંગરાજ' બનાવ્યો. આ સન્માનથી ભાવુક થઈને કર્ણએ દુર્યોધનને પૂછ્યું આ સન્માનનાં બદલામાં શું જોઈએ છે ત્યારે દુર્યોધને સાચી મિત્રતા માંગી. બસ આ ક્ષણથી બંને વચ્ચે એવી મિત્રતા શરૂ થઈ જે જીવનના અંત સુધી ચાલી. કર્ણએ પણ હંમેશાં દુર્યોધનનો પક્ષ ન્યાયી છે કે અન્યાયી તે જોયા વગર પોતાની વફાદારી નિભાવી.

આવાં મહાન યોદ્ધાનું મૃત્યુ છળથી થયું, એ વાતે દુઃખ થાય. મહાભારતનાં યુદ્ધમાં જ્યારે કર્ણને હરાવી શકાય એમ નથી એવું લાગ્યું ત્યારે અર્જુનને બચાવવા ઈન્દ્રદેવે બ્રાહ્મણનું રૂપ ધારણ કરી કવચ-કુંડળ દાનમાં માંગી લીધાં. કુંતી એ પણ પોતાના પુત્રની રક્ષાનું વચન માગ્યું, ત્યારે કર્ણે એને કહ્યું કે તમે પાંચ પુત્રની માતા બની રહેશો. કુરુક્ષેત્રના યુદ્ધમાં અર્જુન સામે લડતી વખતે રથનું પૈડું જમીનમાં ખૂંપી જવાથી, અને નિઃશસ્ત્ર હોવા પર અર્જુને શ્રીકૃષ્ણના કહેવાથી તેનો વધ કર્યો, પરંતુ આજે પણ એને ઈજ્જતથી યાદ કરીએ છીએ! અને એનાં સદગુણોને બિરદાવીએ છીએ. આમ દાનને કર્મનું ભાથું કહેવામાં આવે છે! રુપિયા ગમે તેટલાં હશે! પણ એ સાથે નહીં આવે, કર્મ જ સાથે આવશે અને કર્મની બેંકનું વ્યાજ જન્મોજન્મ વધતું જાય છે! અને પૃથવી પર પણ એક મિટાવી શકાય નહીં એવી છાપ છોડી જાય છે! કર્ણ દ્વાપરનું પાત્ર છે, પણ આજે પણ તેને દાનેશ્વરી તરીકે યાદ કરીએ છીએ, તો કર્ણનાં ચરિત્ર માંથી દાનનો બોધ લઈ આપણે સૌ સામાજિક દાયિત્વ નિભાવી શકીએ, એવી એક અનન્ય પ્રાર્થના ઈશ્વર ચરણે રાખી, હું મારાં શબ્દોને આજે અહીં જ વિરામ આપું છું. ફરી મળીશું નવાં ચિંતન મનન સાથે, તો સૌને મારા આજનાં દિવસનાં સ્નેહ વંદન અને જય સીયારામ.

લી ફાલ્ગુની વસાવડા (ભાવનગર)

# પર્યાવરણમાં ભારતની કથળેલી સ્થિતિ:૧૭૫માં ક્રમે

## ૧૭૭ દેશોની યાદીમાં ૧૭૬મા ક્રમે, સુધારા માટે ‘વેક અપ કોલ’

નવી દિલ્હી, તા.૨

યેલ અને કોલંબિયા યુનિવર્સિટીના વૈજ્ઞાનિકો દ્વારા જાહેર થયેલા EPI ૨૦૨૬ રિપોર્ટમાં ૧૭૭ દેશોનું મૂલ્યાંકન કરાયું. જેમાં યુરોપિયન દેશો ટોચ પર છે, જ્યારે ભારત ૨૨.૪૬ સ્કોર સાથે ૧૭૬માં ક્રમે અને લાઓસ ૧૭૭માં ક્રમે છે. આ રિપોર્ટ પર્યાવરણીય સ્વાસ્થ્ય, ઈકોસિસ્ટમ અને આબોહવા પરિવર્તનના આધારે દેશોની કામગીરી દર્શાવે છે.પર્યાવરણ અંગે ભારતની કથળેલી સ્થિતિ, ૧૭૭ દેશોની યાદીમાં ૧૭૬મા ક્રમે, સુધારા માટે ’વેક અપ કોલ’આજના ઝડપથી બદલાતા યુગમાં આર્થિક પ્રગતિની સાથે પર્યાવરણનું સંતુલન જાળવવું એ વિશ્વના તમામ દેશો માટે સૌથી મોટો પડકાર બની ગયું છે.

તાજેતરમાં જાહેર થયેલા પર્યાવરણ પ્રદર્શન સૂચકાંક ૨૦૨૬ ના અહેવાલે વૈશ્વિક સ્તરે પર્યાવરણીય સ્વાસ્થ્ય અને આબોહવા પરિવર્તન અંગેની સ્થિતિ સ્પષ્ટ કરી છે. યેલ યુનિવર્સિટી અને કોલંબિયા યુનિવર્સિટીના વિજ્ઞાનીઓ દ્વારા તૈયાર કરાયેલા આ સૂચકાંકમાં ૧૭૭ દેશોનું મૂલ્યાંકન કરવામાં આવ્યું છે, જેમાં એક તરફ યુરોપિયન દેશોએ ઉચ્ચ ક્રમાંક મેળવીને ઊર્જા ક્ષેત્રે શ્રેષ્ઠતા સાબિત કરી છે, તો બીજી તરફ ભારત અને લાઓસ જેવા દેશો લિસ્ટમાં સૌથી નીચલા ક્રમે રહ્યા છે.

EPIએ ડેટા-આધારિત વૈશ્વિક બેન્ચમાર્ક છે, જે વર્ષ ૨૦૦૦માં શરૂ કરાયો હતો અને ત્યારથી દર ૨ વર્ષે પ્રકાશિત થાય છે. આ અહેવાલ યુનાઈટેડ નેશન્સના સસ્ટેનેબલ ડેવલપમેન્ટ ગોલ્સ (SDGs) અને પેરિસ આબોહવા કરારના લક્ષ્યો પ્રાપ્ત કરવામાં દેશો કેટલા નજીક છે તે માપે છે.EPI ૨૦૨૬ ના અહેવાલમાં ૧૭૭ દેશોનું મૂલ્યાંકન ૧૨ મુખ્ય મુદ્દાઓ સાથે જોડાયેલા ૪૭ પર્યાવરણીય સૂચકાંકોના આધારે કરવામાં આવ્યું છે.




આ સૂચકાંકોને ૩ મુખ્ય ઉદ્દેશ્યોમાં વહેંચવામાં આવ્યા છે. ઈકોસિસ્ટમ જીવનશક્તિ કુલ સ્કોરમાં ૪૫% યોગદાન, જેમાં વૃક્ષોનું રક્ષણ, જંતુનાશક પ્રદૂષણના જોખમો, મત્સ્યઉદ્યોગ અને જૈવવિવિધતા શામેલ છે.આબોહવા પરિવર્તન શમન કુલ સ્કોરમાં ૩૦% યોગદાન, જેમાં ગ્રીનહાઉસ ગેસ અને કાર્બન ઉત્સર્જનનો દર શામેલ છે.પર્યાવરણીય સ્વાસ્થ્ય કુલ સ્કોરમાં ૨૫% યોગદાન, જેમાં હવાની ગુણવત્તા, પીવાનું સ્વચ્છ પાણી અને સૂક્ષ્મ કણોનું પ્રમાણ શામેલ છે.EPI ૨૦૨૬ માં ભારતનું ચિંતાજનક પ્રદર્શન

EPI ૨૦૨૬ માં ભારતનો એકંદર સ્કોર ૧૦૦ માંથી માત્ર ૨૨.૪૬ રહ્યો છે, જેના કારણે ભારત ૧૭૬મા ક્રમે (છેલ્લેથી બીજા ક્રમે) છે. લાઓસ ૨૧.૭૮ ના સ્કોર સાથે ૧૭૭મા ક્રમે સૌથી છેલ્લે છે. દક્ષિણ એશિયાના ૮ દેશોમાં પણ ભારત ૭મા સ્થાને, સૌથી નીચલા ક્રમે આવે છે. મુખ્ય ક્ષેત્રોમાં ભારતનો સ્કોર અને રેન્કિંગ જોઈએ તો પર્યાવરણીય સ્વાસ્થ્ય ૧૭૪મો, ઈકોસિસ્ટમ જીવનશક્તિ ૧૭૧,કચરા વ્યવસ્થાપન અને સ્વચ્છતા ૧૪૧મો અને આબોહવા પરિવર્તન નીતિ ૧૩૦મો ક્રમ આવ્યો છે.

ભારતને નડતા પરિબળો જોઈએ તો પશ્ચિમી દેશોની સરખામણીમાં ભારતમાં માથાદીઠ કાર્બન ઉત્સર્જન ઓછું છે, પરંતુ અન્ય ચાર કારણોસર ભારત આ મુદ્દે પાછળ રહી જાય છે. ભારતના નીચા સ્કોર માટે મુખ્ય જવાબદાર પરિબળોમાં ઝડપથી વધી રહેલું શહેરી વાયુ પ્રદૂષણ, ઊર્જા માટે કોલસા પરની નિર્ભરતા, જૈવવિવિધતામાં ઘટાડો (ઉદાહરણઃ ભારતમાં વધુ પડતી માછલીઓ પકડવામાં આવે છે), દરિયાઈ વિસ્તારની નબળી સુરક્ષા, ગ્રાઉન્ડ રિયાલિટી વિરુદ્ધ પદ્ધતિ પર વિવાદ, ભારતના નીચા રેન્કિંગને લઈને બે અલગ-અલગ દૃષ્ટિકોણ સામે આવ્યા છે, પર્યાવરણ મંત્રાલય અને આર્થિક નિષ્ણાતોનો પક્ષ, ભૂતકાળમાં (૨૦૨૨માં) જ્યારે ભારત ૧૮૦મા ક્રમે હતું ત્યારે ભારત સરકારે આ રેન્કિંગને ‘અવૈજ્ઞાનિક અને અંદાજો પર આધારિત’ ગણાવીને એનો અસ્વીકાર કર્યો હતો.નિષ્ણાતોનું કહેવું છે કે, આ સૂચકાંક ભારતની વિશાળ વસ્તી, વસ્તી ગીચતા અને વિકાસશીલ દેશ હોવાની વાસ્તવિકતાઓને ધ્યાનમાં લેતો નથી. પશ્ચિમી દેશોના ઐતિહાસિક ઉત્સર્જનને બદલે માત્ર વર્તમાન સ્નેપશોટ પર ધ્યાન કેન્દ્રિત કરવાથી ભારત જેવા દેશોને નુકસાન થાય છે.

યેલ યુનિવર્સિટીના સંશોધકો સ્પષ્ટ કરે છે કે EPI દેશોના ભવિષ્યના દાવા કે ભૂતકાળના ઉત્સર્જનને બદલે ’વર્તમાન પરિસ્થિતિ’ને માપે છે. પ્રદૂષણ ઘટાડવા માટે ભારતે ૨૦૧૯માં ‘રાષ્ટ્રીય સ્વચ્છ હવા કાર્યક્રમ’ શરૂ કર્યો હતો અને એ માટે અત્યાર સુધીમાં ૧૬,૪૨૩ કરોડ ખર્ચ્યા હોવા છતાં હવાની ગુણવત્તામાં ભારત ૦.૧૫ પોઈન્ટ નીચે ગયું છે.પર્યાવરણીય પ્રદર્શન સૂચકાંક (EPI) ૨૦૨૬: ટોપ-૧૦ દેશો.

### ભારત માટે વેક અપ કોલ!

**ઈસ્ટોનિયાએ અશ્મિભૂત ઈંધણનો ઉપયોગ ઘટાડીને નવીનીકરણીય ઊર્જા (Renewable Energy) માં મજબૂત પ્રગતિ કરીને વૈશ્વિક સ્તરે પ્રથમ સ્થાન જાળવી રાખ્યું છે. ટોચના ૧૦ દેશોમાં તમામ યુરોપના છે.**

| ક્રમાંક દેશ EPI | સ્કોર |
|---|---|
| ૧ ઈસ્ટોનિયા | ૭૪.૭૯ |
| ૨ લક્ઝમબર્ગ | ૭૨.૪૦ |
| ૩ યુનાઈટેડ કિંગડમ | ૭૧.૩૦ |
| ૪ ફિનલેન્ડ | ૭૧.૦૦ |
| ૫ નેધરલેન્ડ | ૭૦.૮૦ |
| ૬ જર્મની | ૭૦.૧૦ |
| ૭ ફ્રાન્સ | ૬૯.૫૦ |
| ૮ નોર્વે | ૬૯.૧૦ |
| ૯ સ્વીડન | ૬૮.૮૦ |
| ૧૦ ઑસ્ટ્રિયા | ૬૮.૫૦ |

**આ અહેવાલ ભારત માટે ’વેક-અપ કોલ’ છે. ભલે EPI ની પદ્ધતિ અને માપદંડો અંગે ચર્ચાઓ થતી રહે, પરંતુ જમીની વાસ્તવિકતા એ છે કે વાયુ પ્રદૂષણ, જૈવવિવિધતાનું સંરક્ષણ અને કચરા વ્યવસ્થાપન જેવા ક્ષેત્રોમાં ભારતે હજુ ઘણું કામ કરવાનું બાકી છે. શહેરોમાં ઝેરી હવા, જંગલોનો વિનાશ અને પ્રદૂષણને આર્થિક વિકાસના નામે સ્વીકારી શકાય નહીં. ભારતે ‘પહેલાં વિકાસ કરો, પછી સફાઈ કરો’ ના બદલે ટકાઉ વિકાસનું મોડેલ અપનાવવું પડશે. જો ભારત આર્થિક પ્રગતિની સાથે સાથે પર્યાવરણીય નીતિઓનું સખત અમલીકરણ કરશે, તો જ આવનારી પેઢીઓ માટે એક સ્વચ્છ, સુરક્ષિત અને ટકાઉ ભવિષ્યનું નિર્માણ થઈ શકશે.**

#### આને કહેવાય ખતરો કે ખિલાડી !

# ખેડૂત મગરને ખભે લઈને પહોંચ્યો પોલીસ થાણે

### ખેડૂતે પોતાના ખેતરમાંથી પાંચ ફૂટના મગરને પકડ્યો હતોઃ ખેડૂત આ મગરને ખભા પર બેસાડી ચાલતા ચાલતા પોલીસ સ્ટેશન તરફ નીકળી ગયો

નવી દિલ્હી, તા.૨

બિહારના સુપૌલ જિલ્લામાંથી એક અજીબોગરીબ તસવીર સામે આવી છે. મગરની સામે મોટા મોટા જાનવરો ફડફડવા લાગે છે, ત્યાં એક યુવક મગરને ખભે નાખી પોલીસ સ્ટેશનમાં લઈને આવી ગયો. સુપૌલની આ ઘટનાનો વીડિયો પણ સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે. આ વિચિત્ર તસવીરમાં ખેડૂત મગરને ખભા પર નાખી પોલીસ સ્ટેશને આવી જાય છે.ખેડૂતે પોતાના ખેતરમાંથી જે મગરને પકડ્યો તે પાંચ ફૂટનો હતો. ખેડૂત આ મગરને ખભા પર બેસાડી ચાલતા ચાલતા પોલીસ સ્ટેશન તરફ નીકળી ગયો. આ નજારાને જેણે પણ જોયો તેના હોશ ઉડી ગયા. ફિલ્મી અને અનોખા અંદાજમાં મગરને ખભા પર લદાયેલા ખેડૂત પોલીસ સ્ટેશનમાં પહોંચ્યો.



સુપૌલના ભીમનગર વિસ્તારના લાલપુર વોર્ડ ૧૪માં આ નજારો જોવા મળ્યો હતો. અહીં એક ધાનના ખેતરમાં અચાનક વિશાળ મગર જોવા મળ્યો. તેનાથી આખા વિસ્તારમાં સનસનાટી ફેલાઈ ગઈ. ખેતરમાં કામ કરી રહેલા લોકોની નજર જેવી મગર પર પડી તો પહેલા તો લોકો ડરી ગયા. ત્યાર બાદ પાણીની અંદર રહેનારા વિશાળકાય જીવને બહાર જોઈ લોકોની ભીડ એકઠી થઈ ગઈ. આ ભીડમાં સામેલ અમુક લોકોએ મગરને પકડીને દોરડાથી બાંધી દીધો. ત્યાર બાદ એક યુવકે તેને ખભે નાખી પોલીસ સ્ટેશને લઈ આવ્યો. તે રસ્તામાં થોડી દૂર સુધી ચાલ્યો અને પછી જે વાહન મળ્યું તેમાં બેસીને ચોકી સુધી આવી ગયો.

જ્યાંથી આ ખેડૂત મગરને ખભે નાખીને નીકળી રહ્યો હતો, ત્યાં લોકોએ તેનો વીડિયો શૂટ કરી લીધો.

મીડિયા રિપોર્ટ અનુસાર, પહેલા તેની જાણ વન વિભાગને આપી હતી, પણ કોઈ રિસ્પોન્સ ન મળતા ગામલોકોએ આ ખતરનાક જાનવરને કાબૂમાં કરવાનો પ્રયાસ કર્યો.પોલીસની સૂચના મળતા વન વિભાગની ટીમ પોલીસ સ્ટેશન પહોંચી અને મગરને પોતાના કબજામાં લઈ તેની તપાસ કરી. ત્યાર બાદ તેને કોસી નદીમાં છોડી દેવામાં આવ્યો.

# શંકાસ્પદ ૫૪૦૦ લીટર દૂધ ભરેલું ટેન્કર ઝડપાયું

### રાજકોટ ગ્રામ્યની એલ.સી.બી. અને એસ.ઓ.જી. શાખાની સંયુક્ત કામગીરીઃ ૨.૭૦ લાખનો જથ્થો નાશ કરાયો

રાજકોટ, તા.૨

રાજકોટ જીલ્લામાં ખાદ્ય પદાર્થમાં ભેળસેળની પ્રવૃતિ કરતા ઇસમો ઉપર કાયદેસરની કાર્યવાહી કરવા અને આવી પ્રવૃતિ સદંતર નાબુદ કરવા નાયબ પોલીસ મહાનિરીક્ષક નિર્લિપ્ત રાય અને પોલીસ અધીક્ષક વિજયસિંહ ગુર્જર દ્વારા સુચના અને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

આ માર્ગદર્શન હેઠળ, હ્યુમન સોર્સના આધારે રાજકોટ ગ્રામ્યની એલ.સી.બી. તથા એસ.ઓ.જી. શાખાને સંયુકત રીતે બાતમી મળી હતી કે સુરેન્દ્રનગર જિલ્લાના થાન તાલુકાના ખાખરાતળ ગામનો ૨૯ વર્ષીય રહેવાસી ભરતભાઇ મામૈયાભાઇ લોહ પોતાના આઇસર ટેન્કર (રજી.નં.જીજે-૧૩-ઝઅ-૨૮૭૨) માં શંકાસ્પદ ભેળસેળ યુકત દુધનો જથ્થો ભરીને જુનાગઢથી રાજકોટ તરફ આવી રહ્યો છે. આ હકીકતના આધારે જેતપુર તાલુકા વિસ્તારમાંથી આ ટેન્કરને પકડી પાડવામાં આવ્યું હતું, જેમાં તપાસ કરતા ટેન્કરમાંથી શંકાસ્પદ ભેળસેળ યુકત ૫૪૦૦ લીટર દુધનો જથ્થો મળી આવ્યો હતો, જેની કિંમત ૨,૭૦,૦૦૦ રૂપિયા થાય છે.



ત્યારબાદ ફૂડ એન્ડ સેફટી ઓફીસર એસ. જે.કટારીયા દ્વારા આ જથ્થાને ચેક કરાવીને જરૂરી સેમ્પલ લેવામાં આવ્યા હતા. આ દૂધ પ્રાથમિક દ્રષ્ટિએ ભેળસેળ યુક્ત અને ખાવાલાયક ન હોવાનું જણાતા, પકડાયેલા ઈસમ ભરતભાઇ લોહની હાજરીમાં જ યોગ્ય ધારાધોરણ મુજબ આ ૨.૭૦ લાખના દૂધના જથ્થાનો નાશ કરી જાણવા જોગ દાખલ કરી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી છે. આ પરિણામલક્ષી કામગીરી એલ.સી.બી. શાખાના પો.ઈન્સ. જે.પી.રાવ, પો.સબ.ઈન્સ. આર.વી.ભીમાણી તથા એસ. ઓ.જી. શાખાના પો.ઈન્સ. એફ.એ.પારગી, પો.સબ.ઈન્સ. જી.જે.ઝાલા અને તેમના સ્ટાફ દ્વારા સંયુક્ત રીતે કરવામાં આવી છે.

# એરપોર્ટ પર મુખ્યમંત્રીનું અભિવાદન







**રાજકોટઃ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ આજે રાજકોટના મહેમાન બન્યા હતા. છે. હવાઈ માર્ગે રાજકોટ એરપોર્ટ પધાર્યા ત્યારે તેઓનું ઉષ્માભર્યું અભિવાદન કરવામાં આવ્યું હતું. આ તકે એરપોર્ટ પર મંત્રી ત્રિકમભાઈ છાંગા, રાજકોટ શહેર પોલીસ કમિશનર બ્રિજેશકુમાર ઝા, ડી.આઈ.જી. નિર્લિપ્ત રાય, મ્યુનિસિપલ કમિશનર તુષાર સુમેરા, કલેક્ટર ડો. ઓમ પ્રકાશ, જિલ્લા વિકાસ અધિકારી અનંદુ સુરેશ ગોવિંદ, રાજકોટ ગ્રામ્ય પોલીસ અધિક્ષક વિજયસિંહ ગુર્જર, ડેપ્યુટી કમાન્ડન્ટ કદમ રૂપેશ મધુકર સહિતના અધિકારીઓ અને અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.**





## અવસાન નોંધ



રાજકોટઃ સ્વ. અમૃતલાલ હરજીવનદાસ શેઠના પુત્ર, સ્વ. વિજયભાઈ શેઠના પતિ, તેમજ અલ્પેશભાઈ, મનોજભાઈશેઠ, રૂપલબેન ભાવિનભાઈ કામદાર, સોનલબેન ધૈરવભાઈ શાહના માતા, સરોજબેન વિજયભાઈ શેઠ(ઉ.૭૬)તા. ૨ ના રોજ અરિહંત શરણ પામ્યા છે. સદગતનું ચક્ષુદાન કરેલ છે. ઉઠમણું તા. ૩ ને સોમવારે, સાંજે ૪-૩૦ વાગ્યે, ઋષભદેવ સ્થાનકવાસી જૈન સંઘ. ઋષભદેવ ઉપાશ્રય, જય નિર્મળ જૈન સેન્ટર ૧, તિરૂપતિ નગર,નિર્મલા કોન્વેન્ટ રોડ રાજકોટ રાખ્યું છે.

### પીસીબીની ટીમોના બે સ્થળે દરોડાઃ કટિંગ થાય એ પહેલાં જથ્થો કબ્જે

# ટ્રાન્સપોર્ટ ગોડાઉન- કુવાડવા રોડ પરથી દારૂ ઝડપાયો

## વહીસ્કીના ૮૮૬ ચપલા જપ્તઃ નામચીન બુટલેગર યાકુબ મોટાણી અને અકરમ ધાડાનો દારૂ







રાજકોટ, તા.૨

રાજકોટ શહેરમાં પ્રોહીબીશનની ગેરકાયદેસર પ્રવૃત્તિઓ સદંતર નેસ્ત નાબુદ કરવા પોલીસ દ્વારા હાથ ધરાયેલા સઘન પેટ્રોલીંગ દરમિયાન પી.સી.બી. ટીમે અલગ-અલગ બે સ્થળોએ સફળ દરોડા પાડી વિદેશી દારૂનો મોટો જથ્થો પકડી પાડ્યો છે. ટીમને મળેલી ચોક્કસ અને સંયુક્ત બાતમીના આધારે આ બંને કામગીરી કરવામાં આવી હતી.

શહેર પોલીસ કમિશ્નર બ્રજેશકુમાર ઝા દ્વારા શહેરમાં પ્રોહીબીશનની ગેરકાયદેસર પ્રવૃત્તિઓ સદંતર નેસ્ત નાબુદ કરવા આપેલી કડક સૂચના અન્વયે, પીસીબી પી.આઈ.એમ. આર.ગોડલીના માર્ગદર્શન હેઠળ ટીમે બે જુદા જુદા સ્થળોએ દરોડા પાડી વિદેશી દારૂનો મોટો જથ્થો પકડી પાડ્યો છે. પીસીબી શાખાના પો.હેડ. કોન્સ. કિરતસિંહ ઝાલા તથા પો.કોન્સ. વાલજીભાઈ જાડાને મળેલી સંયુક્ત અને ચોક્કસ બાતમીના આધારે આ સફળ કામગીરી કરવામાં આવી હતી.

પ્રથમ દરોડાની વિગત મુજબ, ભક્તિનગર સ્ટેશન પ્લોટ વિસ્તારમાં આવેલ ઉદ્યોગનગર લાલજી એસીપીએલ ટ્રાન્સપોર્ટના ગોડાઉનમાં તપાસ હાથ ધરવામાં આવી હતી. અગાઉ દારૂના અસંખ્ય ગુનાઓમાં પકડાયેલ રાજકોટના લીસ્ટેડ બુટલેગર યાકુબ મુસાભાઈ મોટાણી (રહે. હાલ દમણ)એ કોસ્મેટીક આઈટમ્સની ખોટી બિલ્ટી બનાવી સેલવાસ ખાતેથી ટ્રાન્સપોર્ટ પાર્સલમાં ઈંગ્લીશ દારૂનો જથ્થો મોકલ્યો હતો. ગોડાઉનમાં દરોડો પાડી પોલીસે રોયલ ચેલેન્જ, સ્ટર્લીંગ રીઝર્વ અને આઈકોનિક વ્હીસ્કી મળી કુલ ૫૭૪ બોટલ કિંમત રૂ. ૧,૩૩,૨૯૬નો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. આ મામલે યાકુબ મોટાણી અને દારૂનો જથ્થો મંગાવનાર શખ્સ સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.બીજા દરોડામાં, કુવાડવા રોડ સાત હનુમાન મંદિરની પાછળ, ઈન્ડીયન ઓઈલના પેટ્રોલ પંપ સામે રોડ પરથી દારૂના જથ્થા સાથે અકરમ હનીફભાઈ ધાડા (ઉ.વ.૩૩, રહે. લક્ષ્મીનગર શેરી નં.૨, નાના મૌવા મેઈન રોડ, રાજકોટને ઝડપી લેવાયો હતો. તેની પાસેથી સ્ટર્લીંગ રીઝર્વ અને આઈકોનિક વ્હીસ્કી મળી કુલ ૩૪૨ બોટલ કિંમત રૂ. ૭૫,૫૦૪નો જથ્થો કબ્જે કરવામાં આવ્યો હતો. આમ, બંને દરોડામાં મળી પોલીસે કુલ ૮૮૬ બોટલ દારૂ જપ્ત કર્યો છે.આ સમગ્ર સફળ કામગીરી પી.સી.બી. પી.આઈ. એમ.આર.ગોડલીયાના માર્ગદર્શન હેઠળ પી.બી.ત્રાજિયા, આર.કે.જાડેજા, મયુરભાઈ પાલરીયા, સંતોષભાઈ મોરી, મહીપાલસિંહ ઝાલા, હરદેવસિંહ રાઠોડ, ઘનશ્યામસિંહ ચૌહાણ, કિરતસિંહ ઝાલા, વિરેન્દ્રસિંહ જાડેજા, હરદેવસિંહ રાણા, કુલદીપસિંહ જાડેજા, વિજયભાઈ મેતા, ઉમેશભાઈ ચાવડા, દિલીપભાઈ બોરીચા, રાહુલગીરી ગૌસ્વામી, નગીનભાઈ ડાંગર, હિરેનભાઈ સોલંકી, પ્રદીપસિંહ સરવૈયા, યુવરાજસિંહ રાણા, દેવરાજભાઈ કળોતરા, વાલજીભાઈ જાડા, હિરેન્દ્રસિંહ પરમાર, વિશાલભાઈ દવે અને જયેશભાઈ ગઢવી સહિતના અધિકારીઓ તથા કર્મચારીઓ દ્વારા કરવામાં આવી હતી.

# સગીરા પર દુષ્કર્મ ગુજારી સગર્ભા બનાવી

## પ્રેમી અને મદદગારી કરનાર મિત્ર સામે પોક્સો હેઠળ ગુનો નોંધાયોઃ થોરાળા પોલીસે ગુનો દાખલ કરી તપાસ શરૂ કરી



રાજકોટ, તા.૨

સગીરાને પ્રેમજાળમાં ફસાવી તેની મજબૂરીનો લાભ ઉઠાવી શારીરિક સંબંધ બાંધી સગર્ભા બનાવી દેવાનો અને સગર્ભા બન્યા બાદ ગર્ભપાત કરાવવા માટે ધાક-ધમકી આપવાનો ગંભીર કિસ્સો પ્રકાશમાં આવ્યો છે.

આ મામલે આજીડેમ પોલીસ મથકમાં પીડિતાના પરિવારની ફરિયાદ પરથી બે આરોપીઓ સામે ભારતીય ન્યાય સંહિતા તથા પોક્સો એક્ટ હેઠળ ગુનો દાખલ કરવામાં આવ્યો છે.

પોલીસ દફતરે નોંધાયેલી વિગત મુજબ, ૧૬ વર્ષથી વધુ વયની એક સગીરાને આરોપી વિશાલ સામાભાઈ ભુવા (રહે. રાજકોટ) નામના શખ્સે પોતાની પ્રેમજાળમાં ફસાવી હતી. ત્યારબાદ સગીરાને લગ્નની લાલચ આપી તથા તેની મજબૂરીનો લાભ ઉઠાવી તેની સાથે વારંવાર શારીરિક સંબંધ બાંધ્યા હતા.

સતત શારીરિક શોષણના કારણે સગીરા સગર્ભા બની ગઈ હતી. સગીરા ગર્ભવતી બનતા જ આરોપી વિશાલે લગ્ન કરવાનો સ્પષ્ટ ઈનકાર કરી દીધો હતો.

જ્યારે સગીરાએ ગર્ભવતી હોવાની વાત કરી ત્યારે મુખ્ય આરોપી વિશાલે તેને બાળકી/ગર્ભ પાડી નાખવા માટે માથાકૂટ કરી હતી. એટલું જ નહીં, આરોપી વિશાલે સગીરાને ધમકી આપી હતી કે ‘‘જો તું આ બાબતે કોઈને કહીશ તો તને તથા તારા પરિવારને પતાવી દઈશ.’’

મિત્રએ પણ દુષ્પ્રેરણ કરી ધમકી આપી આ સમગ્ર બનાવમાં મુખ્ય આરોપી વિશાલના મિત્ર અખ્તરહુશૅન અસલમ પઠાણ (રહે. રાજકોટ)એ પણ સાથ આપ્યો હતો. આરોપી અખ્તરહુશેને સગીરાને ધાક-ધમકી આપતા જણાવ્યું હતું કે ‘‘આ વાત કોઈને કહીશ તો તને તથા તારા પરિવારને પતાવી દઈશ અને તારા વિડીયો વાયરલ કરી દઈશ.’’ આમ, મિત્રએ પણ ગર્ભપાત કરાવવા માટે સગીરા પર માનસિક દબાણ બનાવી ગુનામાં મદદગારી કરી હતી.

આજીડેમ પોલીસે હાથ ધરી તપાસ આ બનાવ અંગે ભોગ બનનાર સગીરાના પરિવારે હિમ્મત દાખવી આજીડેમ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. પોલીસે આરોપી વિશાલ ભીખાભાઈ ચૌહાણ અને અખ્તરહુશેન અસલમ પઠાણ સામે બીએનએસની કલમ ૬૪(૧), ૬૪ (૨) (એચ), ૮૭, ૧૯૫ (૨), ૩૫૧ (૩), ૩૫૨ તથા પોક્સો એક્ટની કલમ ૪, ૬, ૧૭ મુજબ ગુનો નોંધ્યો છે. આ કેસની વધુ તપાસ એએસઆઈ એ.એસ.પાટીલ ચલાવી રહ્યા છે અને આરોપીઓને ઝડપી પાડવા ચક્ર ગતિમાન કર્યા છે.

### વધુ એક લોથ ઢળીઃ સમાધાન ન કરતા છરીના આડેધડ ઘા ઝીંક્યા

# જૂની અદાવતમાં યુવકની હત્યા કરનારની ધરપકડ

**ભક્તિનગર સર્કલ પાસે ધર્મજીવન એપાર્ટમેન્ટ સામે કારમાં બેઠેલા ઘનશ્યામસિંહ વાઘેલા પર કૌટુંબિક ધર્મેન્દ્રસિંહ વાઘેલા અને તેના સાગરીતે કર્યો જીવલેણ હુમલો; હોસ્પિટલમાં સારવાર દરમિયાન દમ તોડ્યોઃ ભક્તિનગર પોલીસે ગુનો દાખલ કર્યો**

રાજકોટ, તા.૨

બે વર્ષ જૂના કેસમાં કોર્ટ બહાર સમાધાન કરવાનો ઈનકાર કરી દેતાં રાજકોટમાં એક યુવકની કરપીણ હત્યા કરી નાખવામાં આવી છે. શહેરના ભક્તિનગર સર્કલ પાસે આવેલા ધર્મજીવન એપાર્ટમેન્ટ સામે કારમાં બેઠેલા ૪૨ વર્ષીય યુવાનના કૌટુંબિક સગા સાહિતે તીક્ષ્ણ છરી વડે આડેધડ ઘા ઝીંકી દીધા હતા. લોહીલુહાણ હાલતમાં સારવાર અર્થે ખસેડાયેલા યુવાનનું હોસ્પિટલમાં મોત નિપજતાં બનાવ મર્ડરમાં પરિણમ્યો છે. મુખ્ય આરોપીને પોલીસે લિંબડીથી ઝડપી લીધો છે.વિગતો જોઈએ તો શહેરના રઘુવીર સોસાયટી વિસ્તારમાં રહેતા અને ઓઈલ એન્જિનનું કામ કરતા ૪૨ વર્ષીય ઘનશ્યામસિંહ અનુપસિંહ વાઘેલા નામના યુવક પર જૂની અદાવતનું મનદુઃખ રાખીને તીક્ષ્ણ છરી વડે જીવલેણ હુમલો કરવામાં આવ્યો હતો. ગંભીર રીતે ઘવાયેલા યુવકને તાત્કાલિક સારવાર અર્થે ગોકુલ હોસ્પિટલ ખસેડવામાં આવેલ. પણ ટૂંકી સારવાર દરમિયાન તેનું કરુણ મોત નિપજતાં આ બનાવ હવે હત્યામાં પરિણમ્યો છે.

ફરિયાદી અનુપસિંહ કેશુભા વાઘેલા અને તેમના પુત્ર ઘનશ્યામસિંહ પર આશરે બે વર્ષ પહેલાં નવરાત્રી દરમિયાન તેમના મૂળ ગામ ભાડેરના કૌટુંબિક સગા ઘનશ્યામસિંહ મહેન્દ્રસિંહ વાઘેલાએ જૂની અદાવતમાં છરી વડે હુમલો કર્યો હતો. જે અંગેનો કેસ ધોરાજી કોર્ટમાં ચાલી રહ્યો છે. આ કેસમાં સમાધાન કરી લેવા માટે આરોપી પક્ષ તરફથી સતત દબાણ કરવામાં આવી રહ્યું હતું. પરંતુ ફરિયાદી પક્ષે સમાધાન કરવાની સ્પષ્ટ ના પાડી દીધી હતી.

સમાધાન ન થતાં ઘનશ્યામસિંહ મહેન્દ્રસિંહ વાઘેલાના નાના ભાઈ ધર્મેન્દ્રસિંહ મહેન્દ્રસિંહ વાઘેલા અને તેની સાથેના એક આશરે ૩૦ વર્ષના અજાણ્યા શખસે કાવતરું રચ્યું હતું.

બનાવના દિવસે બપોરના સમયે બંને આરોપીઓ એક્ટિવા બાઈક પર ફરિયાદીના ઘર તેમજ નજીકના મેડિકલ સ્ટોર પાસે આવીને રેકી કરી ગયા હતા, જે દ્રશ્યો વિસ્તારના સીસીટીવી કેમેરામાં પણ કેદ થયા હતા.

સાંજના આશરે સાડા છ વાગ્યાના અરસામાં, જલારામ ચોકથી ભક્તિનગર સર્કલ વચ્ચે આવેલા ધર્મજીવન એપાર્ટમેન્ટ સામે ઘનશ્યામસિંહ પોતાના મિત્ર સાથે કારમાં બેઠા હતા, ત્યારે ધર્મેન્દ્રસિંહ વાઘેલા અને તેનો અજાણ્યો સાગરીત ત્યાં આવી પહોંચ્યા હતા. આરોપી ધર્મેન્દ્રસિંહે એકાએક તીક્ષ્ણ છરી કાઢીને ઘનશ્યામસિંહ પર તૂટી પડી છાતી, વાંસા, ખભા અને હાથના ભાગે આડેધડ ૬ થી ૭ ઘા ઝીંકી દીધા હતા.

ઘટના બાદ લોહીલુહાણ હાલતમાં ઘનશ્યામસિંહને હોસ્પિટલે ખસેડવામાં આવ્યા હતા, જ્યાં સારવાર દરમિયાન તેમણે આખરી શ્વાસ લીધા હતા. આ બનાવ અંગે ભક્તિનગર પોલીસ મથકે ગુનો નોંધવામાં આવ્યો છે અને પોલીસે ફરાર આરોપીઓને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા છે.

### યુનિવર્સિટી રોડ પર ગીરીરાજ ડેરી વાળી શેરીમાં PGમાં રહેતી મહિલાની ફરિયાદ

# દિકરીને ઉપાડી જવાની સાસુ-નણંદની ધમકી

## પતિ સાથે અણબનાવ બનતા તેઓ છેલ્લા ત્રણ વર્ષથી અલગ રહે છેઃ યુનિવર્સિટી પોલીસે ગુનો દાખલ



રાજકોટ, તા.૨

શહેરમાં રહેતી એક પરિણીતા પોતાના પતિથી અલગ રહીને પી.જી.માં પોતાની દીકરી સાથે જીવનગુજાર કરતી હોઈ સાસુ અને નણંદે આવીને મકાનમાં બબાલ મચાવી અપશબ્દો બોલી તારી ‘‘દીકરીને બહારથી ઉપાડી જઈશું’’ તેવી ગંભીર ગુનાહિત ધમકી આપ્યાનો બનાવ સામે આવ્યો છે. આ અંગે પીડિત મહિલાએ ગાંધીગ્રામ-૦૨ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

મળતી માહિતી મુજબ, મૂળ માધાપર ચોકડી પાસે આવેલ મહાવીર રેસીડેન્સીના વતની અને હાલ ગીરીરાજ ડેરી વાળી શેરી, એ.જી. યુનિ. રોડ પર આવેલા ’બાલાજી પી.જી. પારીજાત સોસાયટી’માં રહેતા પૂનમબેન (ઉં.વ. ૨૮)એ ગાંધીગ્રામ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે.

ફરિયાદમાં જણાવ્યા અનુસાર, પૂનમબેનના લગ્ન આશરે આઠ વર્ષ પહેલાં હર્ષભાઈ આસીતભાઈ ગોસલીયા સાથે થયા હતા. પતિ સાથે અણબનાવ બનતા તેઓ છેલ્લા ત્રણ વર્ષથી અલગ રહે છે અને પોતાની ૬ વર્ષની દીકરી પ્રાન્સી સાથે પી.જી.માં ભાડેથી રહે છે.

ગત તા. ૨૮/૦૭/૨૦૨૬ ના રોજ રાત્રીના આશરે પોણા નવેક વાગ્યે પૂનમબેન અને તેમની દીકરી પી.જી.ના રૂમમાં હતા, ત્યારે અચાનક તેમના સાસુ ઉર્વીબેન તથા નણંદ દેવાન્સીબેન ત્યાં આવી પહોંચ્યા હતા અને દીકરી પ્રાન્સીને મળવાની જીદ કરવા લાગ્યા હતા.

પૂનમબેને પી.જી. ના નિયમો મુજબ જણાવેલ કે ‘‘અહીં વિઝિટર એલાઉડ નથી, જેથી ઓનર મમતાબેન પીત્રોડાને ફોન કરીને જાણ કર્યા પછી જ મળી શકાશે.’’ આ સાંભળતા જ સાસુ-નણંદ એકદમ ઉશ્કેરાઈ ગયા હતા અને ગાળો આપવા લાગ્યા હતા. પી.જી.માં રહેતી અન્ય છોકરીઓએ પણ તેમને સમજાવવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ તેઓ માથાકૂટ કરવા લાગ્યા હતા.

બહારથી દીકરીને ઉપાડી જવાની ધમકી આપી

જતાં જતાં સાસુ ઉર્વીબેન અને નણંદ દેવાન્સીબેને ધમકી આપી હતી કે, ‘‘જો તું અમને પ્રાન્સીને બીજી વાર મળવા નહીં દે, તો તું અને પ્રાન્સી જ્યારે પણ બહાર નીકળશો ત્યારે બહારથી પ્રાન્સીને ઉપાડી જઈશું.’’ આટલું જ નહીં, તેમણે એવી પણ ધમકી આપી હતી કે તેઓ પણ આ જ પી.જી.માં ભાડેથી રહેવા આવી જશે.

બનાવ બાદ ૧૧૨ ઈમરજન્સી હેલ્પલાઈન પર કોલ કરવામાં આવ્યો હતો, પરંતુ પોલીસ આવે તે પહેલાં જ સાસુ અને નણંદ નીચે ઉભા રહેલા સસરા આસીતભાઈ તથા નણંદોય દેવાંગભાઈ સાથે ત્યાંથી નાસી છૂટ્યા હતા. સમગ્ર ઘટનાના વિડીયો પણ પી.જી.ની અન્ય છોકરીઓએ મોબાઈલમાં ઉતારી લીધા હતા.આ મામલે ગાંધીગ્રામ પોલીસે સાસુ ઉર્વીબેન અને નણંદ દેવાન્સીબેન વિરુદ્ધ ગાળો બોલવા તથા ગુનાહિત ધમકી આપવા બદલ ગુનો નોંધી આગળની કાનૂની તપાસ હાથ ધરી છે.

### બાંધકામ સાઇટ પરથી એલ્યુમિનિયમની પ્લેટો ચોરતી અને ચોરીનો માલ રાખતી ગેંગ સામે

# ચોરીમાં સામેલ 3 શખ્સ પાસા હેઠળ જેલભેગા

## ક્રાઈમ બ્રાન્ચની લાલ આંખઃ મહેસાણા, અમદાવાદ, પાલનપુર જેલમાં ધકેલાયા

રાજકોટ, તા.૨

શહેર વિસ્તારમાં નવી બનતી કન્સ્ટ્રક્શન સાઇટ પરથી સેન્ટીંગ કામમાં ઉપયોગમાં લેવાતી કિંમતી એલ્યુમિનિયમની પ્લેટોની ચોરી કરનાર તથા ચોરીનો માલ હોવાનું જાણવા છતાં તે અવાર-નવાર ખરીદી/રાખનાર 3 શખસો સામે રાજકોટ ક્રાઇમ બ્રાન્ચે પાસા હેઠળ કડક કાર્યવાહી કરી જુદી-જુદી જેલમાં ધકેલી દીધા છે. પોલીસ કમિશનરની સૂચનાથી કડક પગલાં રાજકોટ શહેર પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝા, એડીશ્નલ પોલીસ કમિશનર ચૈતન્ય મંડલીક, નાયબ પોલીસ કમિશનર (ક્રાઇમ) જગદીશ બાંગરવા તથા મદદનીશ પોલીસ કમિશનર (ક્રાઇમ) બી.બી.બસીયાનાઓ દ્વારા મિલકત સબંધી ગુન્હાઓ બનતા અટકાવવા અને આવી ગેરકાયદેસર પ્રવૃત્તિ કરતા ઈસમો વિરૂદ્ધ અટકાયતી પગલાં ભરી પાસા/હદપારી કરવા સૂચના આપવામાં આવી હતી. જેને પગલે ક્રાઇમ બ્રાન્ચે દરખાસ્ત તૈયાર કરી મંજૂરી મેળવ્યા બાદ ત્રણેય આરોપીઓની અટકાયત કરી પાસા વોરંટની બજવણી કરી છે.

પાસા હેઠળ જેલહવાલે કરાયેલા અટકાયતીઓમાં મનોજ કાંતિભાઇ સોલંકી (ઉ.વ.30, ધંધોઃ ભંગારનો ડેલો, રહે. હાલ- હુડકો ચોકડી, નાદોદાનગર શેરી નં.-3, કોઠારીયા રોડ)ને મહેસાણા જેલમાં, રોહિત ઉર્ફે બાવલો મનજીભાઇ વાઘેલા (ઉ.વ.૨૦, ધંધોઃ મજુરી, રહે. મોટા મવા ગામથી પરસાણા ચોક, ઝુપડામાં, કણકોટ રોડ)ને અમદાવાદ જેલ અને કલ્પેશ અર્જુનભાઇ માથાસુરીયા (ઉ.વ.૨૧, ધંધોઃ શાકભાજી, રહે. ભીમનગર સર્કલની બાજુમાં, મચ્છી માર્કેટ પાસે ઝુપડામાં)ને પાલનપુર જેલમાં મોકલી દેવાયા છે. આરોપીઓ વિરૂદ્ધ નોંધાયેલા ગુન્હાઓ જોઈએ તો આ આરોપીઓ વિરૂદ્ધ રાજકોટ શહેરના તાલુકા પોલીસ સ્ટેશનમાં 3 અને ગાંધીગ્રામ-૨ (યુની) પોલીસ સ્ટેશનમાં ૧ મળીને કુલ ૪ ગુન્હાઓ (બી.એન.એસ. કલમ 303(૨), 30૫ (એ), 33૯(૪), 3૧૭ (૨), ૬૧(બી), ૧૧૨(૨) મુજબ) નોંધાયેલા છે.

કામગીરી કરનાર પોલીસ ટીમઃ આ સફળ કામગીરી રાજકોટ શહેર ક્રાઇમ બ્રાન્ચના પોલીસ ઈન્સ્પેક્ટર એ.એસ.ચાવડા, એમ.એલ.ડામોર, સી.એચ. જાદવ તથા અ.હે.કો. ભરતભાઇ વનાણી, ઘનશ્યામભાઇ મેણીયા, અનીલભાઇ સોનારા, હેડ કોન્સ્ટેબલ કનકસિંહ સોલંકી, ગરીરાજસિંહ જાડેજા તથા કોન્સ્ટેબલ રાજેશભાઇ ચાવડા અને હરપાલસિંહ જાડેજા દ્વારા કરવામાં આવી છે.



# MD ડ્રગ્સ સાથે ભાવેશ ઉર્ફે મીની પકડાયો

રાજકોટ, તા.૨

શહેરમાં યુવાધનને નશાની લતથી બચાવવા અને નાર્કોટીક્સ પદાર્થોનું વેચાણ અટકાવવા માટે 'સે નો ટુ ડ્રગ્સ' મિશન અંતર્ગત કડક કાર્યવાહી કરવામાં આવી રહી છે. ગેરકાયદેસર નશાકારક પદાર્થોનું ખરીદ-વેચાણ કે સેવન કરનારાઓ સામે શરૂ કરવામાં આવેલી આ ઝુંબેશ હેઠળ એસ.ઓ.જી. શાખાને વધુ એક સફળતા મળી છે.અગાઉ એન.ડી.પી.એસ. કેસમાં પકડાયેલ ભાવેશ મશરૂ નામનો શખ્સ થોડી વારમાં સ્પીડવેલ પાર્ટી પ્લોટની પાછળ આવેલ સ્વામી વિવેકાનંદ ટાઉનશીપની સામે મેફેડ્રોન ડ્રગ્સના જથ્થા સાથે આવવાનો હોવાની ચોક્કસ બાતમી મળી હતી. બાતમીના આધારે પોલીસે તુરંત જ નિર્દિષ્ટ જગ્યાએ દરોડો પાડીને શંકાસ્પદ શખ્સની અટકાયત કરી હતી. પોલીસ પૂછપરછ દરમિયાન ઝડપાયેલા શખ્સે પોતાનું નામ ભાવેશ ઉર્ફે મીની રાજુભાઈ મશરૂ (ઉ.વ.૨૫, રહે. સ્વામી વિવેકાનંદ ટાઉનશીપ ઈ-વિંગ, ૭મા માળે ફ્લેટ નં. ૭૦૬, સ્પીડ વેલ પાર્ટી પ્લોટ પાછળ, મોટા મવા, રાજકોટ, ધંધોઃ છૂટક મજુરી) જણાવ્યું હતું. તેની અંગજડતી લેતાં તેની પાસેથી મેફેડ્રોન ડ્રગ્સ ૩૯.૫૧ ગ્રામ કિંમત ૧,૫૨,૪૩૦નું મળતા તે અને મોબાઇલ ફોન મળી કુલ ૧,૫૬,૪૩૦નો મુદ્દામાલ કબ્જે કરાયો હતો.આ મામલે રાજકોટ તાલુકા પોલીસ સ્ટેશનમાં એન.ડી.પી.એસ. એક્ટ હેઠળ ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. આરોપી ભાવેશ મશરૂ અગાઉ પણ રાજકોટ શહેરના માલવીયાનગર પોલીસ સ્ટેશનમાં એન.ડી.પી.એસ. અને મારામારી સહિતના ત્રણ ગુનાઓમાં સંડોવાયેલો ગુનાહિત ઈતિહાસ ધરાવે છે. કામગીરી કરનાર પોલીસ ટીમ આ સફળ કામગીરી શહેર પોલીસ કમિશ્નર બ્રજેશકુમાર ઝા, અધિક પોલીસ કમિશ્નર ચૈતન્ય મંડલિક, ડીસીપી જગદીશ બાંગરવા તથા એસીપી ભરત બી. બસીયાની સૂચના મુજબ કરવામાં આવી હતી. એસ.ઓ.જી. પી.આઈ. એન.બી. ચૌધરીની રહબરી હેઠળ તથા પીએસઆઈ બી.વી. ચુડાસમાના માર્ગદર્શનમાં પો.હેડ.કોન્સ. સ્નેહલભાઈ ભાદરકા, કોન્સ. રવિરાજભાઈ ધાધલ અને જયપાલસિંહ ઝાલાની સંયુક્ત બાતમી સફળ રહી હતી. આ ઉપરાંત ટીમમાં એ.એસ.આઈ. રાજેશભાઈ બાળા, સિધ્ધરાજસિંહ જાડેજા, મહિલા કોન્સ. મોનાબેન બુસા તેમજ ડ્રાઈવર કોન્સ. નરપતસિંહ અને નિર્મલસિંહ સહિતના પોલીસ કર્મચારીઓએ મહત્વની કામગીરી બજાવી હતી.



## SOGનો સ્પીડવેલ પાર્ટી પ્લોટ નજીક દરોડોઃ ૧.૫૨ લાખનો પદાર્થ કબ્જે

### ૨૦૦૮થી સક્રિય, ૬૫થી વધુ ગુન્હામાં સંડોવાયેલ અને 3 વખત પાસામાં જઈ આવ્યો છે

# લીસ્ટેડ બુટલેગર યાકુબ મોટાણી ઝડપાયો

રાજકોટ, તા.૨

ગેરકાયદેસર પ્રવૃત્તિઓ નાબૂદ કરવા તથા નાસતા-ફરતા આરોપીઓને ઝડપી પાડવા માટે વિશેષ ઝુંબેશ ચલાવવામાં આવી રહી છે. આ પેટ્રોલીંગ દરમિયાન મળેલી ચોક્કસ બાતમીના આધારે પોલીસે ગ્રીનલેન્ડ ચોકડી ખાતેથી ૬૫ જેટલા ગુનાઓમાં સંડોવાયેલા લિસ્ટેડ બુટલેગરને પકડી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.શહેર વિસ્તારમાં પ્રોહીબીશનની ગેરકાયદેસર પ્રવૃત્તિઓ સંતર નેસ્તનાબૂદ કરવા અને નાસતા-ફરતા આરોપીઓને પકડી પાડવા માટે પોલીસ કમિશ્નર બ્રજેશકુમાર ઝા આપેલી કડક સૂચનાના આધારે રાજકોટ શહેર પીસીબી ટીમને મોટી સફળતા મળી છે. પી.સી.બી. પોલીસ ઈન્સ્પેકટર એમ.આર. ગોડલીયાના માર્ગદર્શન હેઠળ ટીમના અધિકારીઓ અને કર્મચારીઓ પેટ્રોલીંગમાં હતા. તે દરમિયાન પીએસઆઈ પી.બી. ત્રાજીયા, હેડ કોન્સ્ટેબલ કિરતસિંહ ઝાલા, કુલદીપસિંહ જાડેજા અને વિજયભાઇ મહેતાને સંયુક્ત રીતે ચોક્કસ બાતમી મળી હતી કે અલગ-અલગ પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા ઈંગ્લીશ દારૂના ગુન્હાઓમાં નાસતો-ફરતો આરોપી રાજકોટ આવી રહ્યો છે. બાતમીના આધારે પી.સી.બી.ની ટીમે ગ્રીનલેન્ડ ચોકડી ખાતે વોચ ગોઠવી આરોપી યાકુબ મુસાભાઇ મોટાણીને પકડી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

પોલીસ તપાસમાં સામે આવ્યું છે કે પકડાયેલ આરોપી યાકુબ મુસાભાઇ મોટાણી (ઉ.વ. ૫૩, રહે. વાંકાનેર સોસાયટી શેરી નં. 3 ''કરમ'', જામનગર રોડ, રાજકોટ, હાલ રહે. ખાનવેલ ગામ, સેલવાસ પાસે, દમણ) સને ૨૦૦૮થી સતત ઈંગ્લીશ દારૂની ગેરકાયદેસર પ્રવૃત્તિ આચરી રહ્યો છે. તે કુલ ૬૫ જેટલા ગુન્હાઓમાં સંડોવાયેલો છે અને અગાઉ 3 વખત પાસા હેઠળ જેલહવાલે પણ થઇ ચૂક્યો છે.

આરોપી વિરૂદ્ધ રાજકોટ શહેરના પ્ર.નગર, કુવાડવા રોડ, થોરાળા, એ ડીવીઝન (૨ ગુન્હા), ડી.સી.બી. પોલીસ સ્ટેશન તેમજ વલસાડ રૂલર પોલીસ સ્ટેશન મળી કુલ ૭ ગંભીર પ્રોહીબીશનના ગુન્હાઓ દાખલ થયેલા હતા, જેમાં તે લાંબા સમયથી નાસતો-ફરતો હતો.

આ કામગીરી પી.સી.બી. પીઆઈ એમ.આર. ગોડલીયા, પીએસઆઈ પી.બી. ત્રાજીયા, આર.કે. જાડેજા, એ.એસ.આઈ. મયુરભાઇ પાલરીયા, સંતોષભાઇ મોરી, મહીપાલસિંહ ઝાલા, હરદેવસિંહ રાઠોડ, ઘનશ્યામસિંહ ચૌહાણ તેમજ હેડ કોન્સ્ટેબલ કિરતસિંહ ઝાલા, વિરેન્દ્રસિંહ જાડેજા, હરદેવસિંહ રાણા, કુલદીપસિંહ જાડેજા, વિજયભાઇ મહેતા, ઉમેશભાઇ ચાવડા, કિશનભાઇ બોરીચા, રાહુલગીરી ગૌસ્વામી, નગીનભાઇ ડાંગર, હિરેનભાઇ સોલંકી અને પોલીસ કોન્સ્ટેબલ પૃથ્વીરાજસિંહ સરવૈયા, યુવરાજસિંહ રાણા, દેવરાજભાઇ કટોડીયા, વાલજીભાઇ મકવાણા, હિરેન્દ્રસિંહ પરમાર, વિશાલભાઇ દવે અને જયેશભાઇ ગઢવી દ્વારા કરવામાં આવી હતી.



## દારૂના ૭ ગુન્હાઓમાં નાસતો-ફરતો આરોપી ગ્રીનલેન્ડ ચોકડી પાસે પકડાયોઃ દમણથી રાજકોટ આવતા PCBની ટીમે દબોચ્યો

# વારસાનું જતન,સંસ્કાર,સંસ્કૃતિ સ્વભાવમાં હોવા જોઈએ: મુખ્યમંત્રી

## થોરાળાના ૮૭ ખેડૂતોને આજી-૧ ડેમના જમીન સંપાદનને કારણે રી-ગ્રાન્ટ થયેલી જમીનના ટાઈટલ હક્ક આપવા અંતર્ગત ગામ નમૂના ૭/૧૨નું વિતરણ કરાયુંઃ લોકાર્પણ- ખાતમુહૂર્તથી રંગીલા શહેરના વિકાસમાં વિકાસરૂપી રંગનું પીછું ઉમેરાયુંઃ શિક્ષણ મંત્રી ડો. વાજા






### સૌરાષ્ટ્ર યુનિવર્સિટી ખાતે ૨૦.30 કરોડના ખર્ચે નિર્માણ પામેલા ઓડિટોરિયમ, લાઈબ્રેરી અને હેલ્થ સેન્ટરનું ઉદઘાટન કરતા મુખ્યમંત્રી



### મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના વરદહસ્તે રાજકોટમાં ૨૬૮ કરોડથી વધુના વિકાસ પ્રકલ્પોનું લોકાર્પણ –ખાતમૂહુર્ત સંપન્ન

રાજકોટ, તા.૨

રાજકોટમાં મહાનગરપાલિકા અને સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના ૨૬૮ કરોડથી વધુ રકમના વિકાસકાર્યોનું લોકાર્પણ ખાતમુહૂર્ત મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આજે કર્યું હતું. આ તકે મુખ્યમંત્રીના હસ્તે થોરાળા ગામના ૮૭ ખેડૂતોને આજી-૧ ડેમના જમીન સંપાદનને કારણે રી-ગ્રાન્ટ થયેલી જમીનના ટાઈટલ હક આપવા અંતર્ગત ગામ નમૂના નં. ૭/૧૨નું વિતરણ કરવામાં આવ્યું હતું.વિકાસ કેવો હોય એને કેટલા ઊંચા સ્તરનો હોય તેનો અનુભવ વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ સૌને કરાવ્યો છે. રાજકોટવાસીઓને વિકાસનો સૌથી વધુ અનુભવ છે. એક સમયે સૌરાષ્ટ્રમાં પાણી, વીજળીના પારાવાર પ્રશ્નો હતા. જો સૌની યોજના ન આવી હોત તો સૌરાષ્ટ્ર છોડવું પડ્યું હોત, એવો પ્રતિભાવ જન પ્રતિનિધિઓ વ્યક્ત કરે છે તેવું આ પ્રસંગે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ જણાવ્યું હતું.નાનામાં નાના માણસના જીવનમાં પરિવર્તન કેવી રીતે આવે અને તેને સમાજના મુખ્ય પ્રવાહમાં કેવી રીતે ભેળવી શકાય તેનો ખ્યાલ રાખતા તત્કાલીન મુખ્યમંત્રી તથા વર્તમાન વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ ધરમૂળથી પરિવર્તન કર્યા છે. રાજકોટ જિલ્લાના થોરાળા ગામના ખેડૂતોનો વર્ષો જૂનો પ્રશ્ન પણ યોગ્ય રજૂઆતો થકી ઉકેલવામાં આવ્યો છે. રજૂઆતમાં જો સૌમ્યતા હોય તો કોઈ પણ પ્રશ્નનું શાંતિપૂર્વક રીતે નિરાકરણ લાવી શકાય છે. પ્રજાજનોના પ્રશ્નો ઉકેલવા માટે સરકાર પ્રતિબદ્ધ હોવાની ખાતરી પણ તેમણે ઉચ્ચારી હતી.

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ વિકાસ સાથે વારસાના જતનનો સંદેશ આપ્યો છે. વારસા સાથે સંસ્કાર, ધર્મ, સંસ્કૃતિ જોડાયેલા છે અને તે આપણા પાયામાં છે, તેનું ધ્યાન રાખવું પડશે. તેમણે યુવાનોને પ્રેરણા આપતા કહ્યું હતું કે, આપણી સંસ્કૃતિ અને સંસ્કાર આપણા સ્વભાવમાં હોવા જોઈએ.આ તકે મહાનગરોમાં હવે બનનારા તમામ રોડ આર.સી.સી.ના બનાવવાનો ઉલ્લેખ કરતા તેમણે કહ્યું હતું કે, વિકાસ કાર્યોમાં ગુણવત્તા જળવાવી જોઈએ. આ માટે દરેકે સહભાગી થવું જોઈએ.આ વર્ષે કોમનવેલ્થમાં ભારતે ૩૯ મેડલ જીત્યા છે, તેનો હર્ષ વ્યક્ત કરતા મુખ્યમંત્રીએ કહ્યું હતું કે, વર્ષ ૨૦30માં કોમનવેલ્થ ગેમ્સ ગુજરાતમાં યોજાવાની છે. આ માટે તેમણે રમતવીરોને ખૂબ સરસ તૈયારી કરીને ગુજરાતનું નામ રોશન કરવા પ્રેરણા આપી હતી.

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ શરૂ કરાવેલા ''મિશન લાઈફ''ને રોજબરોજના જીવનમાં અપનાવવાની અપીલ પણ મુખ્યમંત્રીએ આ તકે કરી હતી. તેમણે કહ્યું હતું કે, પર્યાવરણનું ધ્યાન રાખીને જ આપણે આગળ વધવાનું છે. પાણી, વીજળી, પેટ્રોલની બચત જેવા નાના પ્રયાસો થકી પણ આપણે આત્મનિર્ભરતા તરફ આગળ વધી શકીએ છીએ. આ પ્રસંગે રાજ્યના શિક્ષણમંત્રી ડો. પ્રદ્યુમનભાઈ વાજાએ રાજકોટને કલા અને સાહિત્યની ભૂમિ ગણાવતા કહ્યું હતું કે, આજે ૨૬૮ કરોડથી વધુના વિકાસ પ્રકલ્પોના લોકાર્પણ અને ખાતમુહૂર્તથી રંગીલા રાજકોટના વિકાસમાં વિકાસરૂપી રંગનું વધુ એક પીછું ઉમેરાયું છે. બે દિવસ પહેલા વંદે ભારત ટ્રેન દ્વારા અઢી કલાકમાં સુરતથી અમદાવાદ માનવહૃદય પહોંચાડીને અંગદાન કરવામાં આવ્યું તેનો ઉલ્લેખ કરતા મંત્રીએ કહ્યું હતું કે, વંદે ભારત અને વિકાસ આજે કોઈને નવજીવન આપવામાં નિમિત્ત બન્યા છે. સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં રૂ.૧૧.૯૧ કરોડના ખર્ચે નિર્મિત ઓડિટોરિયમમાં દેશ અને પરદેશના નિષ્ણાતોના સેમિનારો થકી જ્ઞાનનો પ્રસાર થશે, અહીં વિવિધ કાર્યક્રમો થકી છાત્રોના વ્યક્તિત્વનું ઘડતર થશે. રૂ. ૭.૭૧ કરોડના ખર્ચે નિર્મિત નોલેજ રિસોર્સ સેન્ટર કમ લાઈબ્રેરી છાત્રોની જ્ઞાનપીપાસાની પોષક બનશે. જ્યારે રૂ. ૬૮.૫૭ લાખના ખર્ચે બનેલું હેલ્થ સેન્ટર આશીર્વાદ રૂપ બનશે, તેવો વિશ્વાસ તેમણે વ્યક્ત કર્યો હતો.

સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના કુલપતિ ડો. ઉત્પલ જોશીએ સ્વાગત પ્રવચન કરતા જણાવ્યું હતું કે, હાલમાં સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં હીરક જયંતીની ઉજવણી થઈ રહી છે ત્યારે સૌરાષ્ટ્ર યુનિવર્સિટીને કેન્દ્ર સરકાર તરફથી 'પ્રધાનમંત્રી ઉચ્ચ શિક્ષા અભિયાન' (પી.એમ. ઉષા) હેઠળ 'મેરુ યુનિવર્સિટી' એટલે કે 'મલ્ટિડિસીપ્લિનરી એજ્યુકેશન એન્ડ રિસર્ચ યુનિવર્સિટી'નો દરજ્જો મળ્યો છે. જેના અંતર્ગત ૧૦૦ કરોડની ગ્રાન્ટ કેન્દ્ર સરકાર દ્વારા ફાળવવામાં આવી છે. દેશભરની આવી ૩૫ યુનિવર્સિટીઓમાં સૌરાષ્ટ્ર યુનિવર્સિટીનો સમાવેશ થયાનો અમને ગર્વ છે. જ્યારે રાજ્ય સરકાર દ્વારા મળેલી ગ્રાન્ટમાંથી સૌરાષ્ટ્ર યુનિવર્સિટી ખાતે રૂ. ૧૧.૯૧ કરોડના ખર્ચે નવીન ઓડિટોરિયમ, રૂ. ૭.૭૧ કરોડના ખર્ચે નોલેજ રિસોર્સ સેન્ટર તેમજ રૂ. ૬૮ લાખના ખર્ચે હેલ્થ સેન્ટરનું નિર્માણ કરવામાં આવ્યું છે, જેનું આજે મુખ્યમંત્રીના હસ્તે ઉદઘાટન કરવામાં આવ્યું છે.

આ અવસરે મેયર નેહલ શુક્લે જણાવ્યું હતું કે, રાજ્ય સરકાર સતત પ્રજાહિત અને વિકાસ કાર્યો માટે કટિબદ્ધ રહી છે. રાજ્ય સરકાર શહેરોના સર્વાંગી વિકાસને સતત પ્રોત્સાહન આપી રહી છે. સરકારની નીતિ પથ્થરો અને પર્વતોને ચીરીને પણ પ્રજા માટે પ્રગતિના નવા રસ્તાઓ કંડારવાની રહી છે અને સરકાર સત્યનિષ્ઠા સાથે સતત પુરુષાર્થ કરી રહી છે.આ પ્રસંગે ટાઈટલ હક મેળવનારા થોરાળા ગામના ખેડૂત પ્રતિનિધિ ગણેશભાઈ રંગાણીએ મુખ્યમંત્રીનો આભાર માન્યો હતો. જ્યારે જિલ્લા કલેકટર ડો. ઓમ પ્રકાશે આભારવિધિ કરી હતી. આ કાર્યક્રમમાં મુખ્યમંત્રીના હસ્તે મહાનગરપાલિકાના ૧૫૩.૩૫ કરોડના ૧૩ વિકાસકામોનું ખાતમુહૂર્ત કરાયું તેમજ ૯૪.૪૨ કરોડના ૧૩ વિકાસકાર્યોનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું.

આ સાથે સૌરાષ્ટ્ર યુનિવર્સિટી ખાતે રૂ. ૧૧.૯૧ કરોડના ખર્ચે નિર્માણ પામેલું નવીન ઓડિટોરિયમ, રૂ. ૭.૭૧ કરોડના ખર્ચે બનેલી લાઈબ્રેરી તેમજ ૬૮ લાખના ખર્ચે તૈયાર થયેલા હેલ્થ સેન્ટરનું ઉદઘાટન કરવામાં આવ્યું હતું. રાજકોટ જિલ્લા વહીવટી તંત્રની નવી પહેલ 'સ્વચ્છ હાથ, પોષણ સાથ' અંતર્ગત જિલ્લાના ૮૭૪ પી.એમ. પોષણ કેન્દ્રોના રસોઈયા અને મદદનીશ બહેનોને એપ્રન, હેન્ડ ગ્લવ્ઝ તથા કેપનું વિતરણ કરાયું હતું.આ સાથે રાષ્ટ્રીય વયો યોજના અંતર્ગત એલિમ્કો (અર્કઈખઈઘ)ની સહાયથી ૮૧૫ જેટલા વડીલોને કુલ રૂ. ૯૦.૦૮ લાખના વિવિધ જીવન સહાયક ઉપકરણોના વિતરણનો આરંભ કરાવાયો હતો. આ સમારોહમાં રાજકોટ જિલ્લા પ્રભારી મંત્રી જીતુભાઈ વાઘાણી, રાજ્યમંત્રી ત્રિકમભાઈ છાંગા, જિલ્લા પંચાયત પ્રમુખ સંજયભાઈ પીપળીયા, ધારાસભ્ય સર્વે ભાનુબેન બાબરીયા, ડો. દર્શિતાબેન શાહ, ઉદયભાઈ કાનગડ, રમેશભાઈ ટીલાળા, ડો. મહેન્દ્રભાઈ પાડલીયા, દુર્લભજીભાઈ દેથરિયા, મેઘજીભાઈ ચાવડા, પૂર્વ મંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા, મ્યુનિસિપલ કમિશનર તુષારભાઈ સુમેરા, જિલ્લા વિકાસ અધિકારી અનંદુ સુરેશ ગોવિંદ, પ્રોબેશનરી આઈ.એ.એસ. ટીના કલ્યાણ, માધવભાઈ દવે સહિત અગ્રણીઓ, ખેડૂતો, વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યાં હતાં.

**સ્વ.વિજયભાઈ રૂપાણીની સંવેદનશીલતા, નિર્ણાયકતા અને પ્રગતિશીલતા દ્વારા ગુજરાતની વિકાસ યાત્રાને નવી ઊંચાઈ મળી**

# ગુજરાતની વિકાસ યાત્રામાં વિજયભાઈનું અનેરું યોગદાનઃ CM

## મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે પુજિત રૂપાણી ટ્રસ્ટનાઃ 'દીક્ષાગ્રહણ સમારોહ'માં બાળકોને વૈદિક વિધિથી શિક્ષણની દીક્ષા અપાઈઃ બોર્ડની પરીક્ષામાં ઉત્કૃષ્ટ પરિણામ મેળવનારા વિદ્યાર્થીઓને મોમેન્ટો આપી પ્રોત્સાહિત કરાયા

રાજકોટ, તા.૨

રાજકોટ પ્રવાસ દરમિયાન પુજિત વિજયભાઈ રૂપાણી મેમોરિયલ ટ્રસ્ટ દ્વારા આયોજિત 'દીક્ષાગ્રહણ સમારોહ'માં મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ ઉપસ્થિત રહ્યા હતા. સમારોહમાં મુખ્યમંત્રીના હસ્તે 'જ્ઞાન પ્રબોધિની શૈક્ષણિક પ્રોજેક્ટ' અંતર્ગત ગુરૂકુળ પરંપરા મુજબ તેજસ્વી વિદ્યાર્થીઓને વૈદિક વિધિથી શિક્ષણની દીક્ષા આપવામાં આવી હતી.મુખ્યમંત્રીએ રાજકોટના પનોતા પુત્ર અને રાજ્યના પૂર્વ મુખ્યમંત્રી સ્વર્ગસ્થ વિજયભાઈ રૂપાણીને તેમની જન્મજયંતી નિમિત્તે શ્રદ્ધાંજલિ અર્પણ કરતા જણાવ્યું હતું કે, વિજયભાઈનું સમગ્ર જીવન સાદગી, સત્યનિષ્ઠા અને રાષ્ટ્ર સેવાને સમર્પિત હતું. તેમણે સંવેદનશીલતા, નિર્ણાયકતા અને પ્રગતિશીલતા દ્વારા ગુજરાતની વિકાસ યાત્રાને નવી ઊંચાઈ આપી છે. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના માર્ગદર્શન હેઠળ છેલ્લા ૨૫ વર્ષમાં ગુજરાતના શિક્ષણ ક્ષેત્રે આવેલા આમૂલ પરિવર્તનોનો ઉલ્લેખ કરતા મુખ્યમંત્રીએ ઉમેર્યું કે, શાળા પ્રવેશોત્સવ અને ગુણોત્સવ જેવા પ્રોજેક્ટ્સના પરિણામે રાજ્યમાં ડ્રોપઆઉટ રેશિયો ૩૭ ટકાથી ઘટીને માત્ર ૧ ટકા થયો છે, જેને શૂન્ય સુધી લઈ જવા સરકાર કટિબદ્ધ છે. તેમણે ટ્રસ્ટના 'બાલ સ્વપન રથ' પ્રોજેક્ટને વંચિત બાળકોના સર્વાંગી વિકાસ માટે આશાનું કિરણ ગણાવ્યો હતો. આ ઉપરાંત, આરોગ્ય ક્ષેત્રે વડાપ્રધાનની 'આયુષ્માન પીએમ-જન આરોગ્ય યોજના'ની જેમ જ ટ્રસ્ટનો 'સંજીવની પ્રોજેક્ટ' પણ નબળા વર્ગના લોકોને પરવડે તેવી ગુણવત્તાયુક્ત સ્વાસ્થ્ય સેવાઓ આપી માનવસેવાનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડે છે તેમ ઉમેર્યું હતું. મુખ્યમંત્રીએ 'જ્ઞાન પ્રબોધિની' અંતર્ગત દીક્ષાગ્રહણ કરનારા તમામ વિદ્યાર્થીઓને ભારતના ઉજ્જવળ ભવિષ્યના શિલ્પી બનવા બદલ અભિનંદન પાઠવ્યા હતા. તેમણે વિશ્વાસ વ્યક્ત કર્યો કે, વડાપ્રધાનના 'વિકસિત ભારત ૨૦૪૭'ના સંકલ્પને સાકાર કરવામાં સેવાભાવી સંસ્થાઓની ભૂમિકા અત્યંત મહત્વપૂર્ણ રહેશે. આ તકે મતી અંજલીબેન રૂપાણી અને સમગ્ર પરિવારને સ્વ. વિજયભાઈએ પ્રગટાવેલા સેવાયજ્ઞને નિષ્ઠાપૂર્વક આગળ ધપાવવા બદલ મુખ્યમંત્રીએ સમગ્ર પરિવારને બિરદાવ્યા હતા.આ પ્રસંગે રાજકોટના મેયર ડો. નેહલ શુક્લ અને પૂર્વ શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ પ્રસંગોચિત પ્રેરક સંબોધન કર્યું હતું. કાર્યક્રમમાં પૂર્વ મુખ્યમંત્રી સ્વ વિજયભાઈ રૂપાણીનું જીવન દર્શન કરાવતી ડોક્યુમેન્ટ્રી અને હોલોગ્રામ રજૂ કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે 'જ્ઞાન પ્રબોધિની શૈક્ષણિક પ્રોજેક્ટ'માં સહયોગી બનનાર શાળા સંચાલકઓનું મુખ્યમંત્રીના હસ્તે સન્માન કરાયું હતું તેમજ બોર્ડની પરીક્ષામાં ઉત્કૃષ્ટ પરિણામ મેળવનારા વિદ્યાર્થીઓને મોમેન્ટો આપી પ્રોત્સાહિત કરાયા હતા. કાર્યક્રમમાં સ્વાગત વિધિ મેહુલ રૂપાણીએ અને આભાર વિધિ હસુભાઈ સોજીત્રા દ્વારા કરવામાં આવી હતી.આ તકે કેબિનેટ મંત્રી સર્વ જીતુભાઈ વાઘાણી અને ડો. પ્રદ્યુમન વાજા, રાજ્ય કક્ષા મંત્રી ત્રિકમભાઈ છાંગા, સર્વે ધારાસભ્ય ઉદયભાઈ કાનગડ, ભાનુબેન બાબરીયા, રમેશભાઈ ટીલાળા, દર્શિતાબેન શાહ, અગ્રણી ધનસુખભાઈ ભંડેરી, નિતીનભાઈ ભારદ્વાજ, ગોવિંદભાઈ પટેલ, પૂર્વ મેયર નયનાબેન પેઢડીયા, સંસ્થાના ચેરમેન અંજલીબેન રૂપાણી, પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝા, મહાનગરપાલિકા કમિશનર તુષાર સુમેરા, જિલ્લા કલેક્ટર ડો. ઓમ પ્રકાશ, જિલ્લા વિકાસ અધિકારી અનંદુ સુરેશ ગોવિંદ સહિત સમાજના શ્રેષ્ઠીઓ, પદાધિકારીઓ, આગેવાનઓ, શિક્ષકો અને બહોળી સંખ્યામાં વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

### 'જ્ઞાન પ્રબોધિની શૈક્ષણિક પ્રોજેક્ટ' કાર્યરત

ઉલ્લેખનીય છે કે, પુજિત વિજયભાઈ રૂપાણી મેમોરિયલ ટ્રસ્ટ દ્વારા છેલ્લા ત્રણ દાયકાથી આર્થિક રીતે નબળા વર્ગના બાળકો માટે 'જ્ઞાન પ્રબોધિની શૈક્ષણિક પ્રોજેક્ટ' કાર્યરત છે. આ પ્રોજેક્ટ હેઠળ કોર્પોરેશન અને ખાનગી શાળાઓમાં ધોરણ સાતમાં ૮૫ ટકા કે તેથી વધુ ગુણ મેળવનાર વિદ્યાર્થીઓ માટે પ્રવેશ પરીક્ષા યોજવામાં આવે છે. દર વર્ષે પરીક્ષા આપતા ૫૫૦ થી ૬૦૦ બાળકોમાંથી પસંદ થયેલા ૨૦ થી ૨૫ તેજસ્વી બાળકોને રાજકોટની શ્રેષ્ઠ શાળાઓમાં પ્રવેશ અપાવવામાં આવે છે. આ બાળકોના ધોરણ ૮ થી ૧૨ સુધીના અભ્યાસનો તમામ ખર્ચ, સ્કૂલ ફી, યુનિફોર્મ, પુસ્તકો, સાયકલ તેમજ મેડિકલ ખર્ચ સહિતની તમામ સુવિધાઓ ટ્રસ્ટ દ્વારા પૂરી પાડવામાં આવે છે. આ ઉપરાંત ધોરણ ૧૨ પછી પણ મેડિકલ, એન્જિનિયરિંગ, સી.એ., સી.એસ. જેવા ઉચ્ચ અભ્યાસમાં પ્રવેશ મેળવવા માટે ટ્રસ્ટ વિદ્યાર્થીઓને સતત માર્ગદર્શન અને મદદ પૂરી પાડે છે.





